PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.18-08-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

**page > 3**
સિવિલ સર્વિસીઝની પરીક્ષાઓમાં ગુજરાતી ભાષાનું મહત્વ કેટલું વાંચો વિસ્તૃત રિપોર્ટ

**page > 4-5**
ચાલુ વર્ષનું એમબીબીએસ, ડેન્ટલ અને આર્કિટેક્ચર કોલેજોની બેઠકોનું વિશ્લેષણ

**page > 6-7**
શાળા સર્વદા, જુદી જુદી શાળાઓમાં થયેલી રચનાત્મક પ્રવૃતિઓ સંક્ષેપમાં

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૫૯ ■ વર્ષ : ૧૧ ■ તા.૧૬ થી ૩૧, ઓગસ્ટ ૨૦૧૭

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

# બિનતાલીમી શિક્ષકોની નોકરીનું જોખમમાં!!

**રાજયની સ્કૂલોમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકોએ હવે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ફરજિયાત તાલીમ મેળવી લેવાની રહેશે. જો, શિક્ષકો નિયત સમયમાં ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજયુકેશન (D.El.ED.) ની ડિગ્રી નહીં મેળવે તો તેમને ત્યારબાદ નોકરીમાંથી કાઢી મુકવામાં આવશે. આ માટે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડી સૂચના આપી છે અને આ કોર્સ માટે બિનતાલીમી શિક્ષકોએ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો, નિયત સમયમાં રજિસ્ટ્રેશન પણ નહીં કરાવે તો તેવા શિક્ષકોને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ પરિપત્રમાં જણાવાયું છે.**

રાજય સહિત દેશમાં આવેલી સ્કૂલોમાં અનેક શિક્ષકો શિક્ષક માટેની યોગ્ય લાયકાત ધરાવતા ન હોવા છતાં ફરજ બજાવતા હોવાની વિગતો પ્રકાશમાં આવ્યા બાદ રાઈટ ટુ એજયુકેશન એકટમાં ફેરફાર કરી આવા બિનતાલીમી શિક્ષકો માટે તાલીમ મેળવવી ફરજિયાત કરવામાં આવી હતી. આ માટે બિનતાલીમી શિક્ષકોને પૂરતો સમય આપવામાં આવ્યો છે અને તે સમય મર્યાદા દરમિયાન રાજયના તમામ બિનતાલીમી શિક્ષકોએ ફરજિયાત **D.El.ED.**ની લાયકાત મેળવવાની રહેશે તેમ જણાવ્યું છે. આ માટે તાજેતરમાં રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી શિક્ષકોને તાલીમ મેળવવા માટે આદેશ કર્યો છે. હાલમાં ફરજ બજાવી રહેલા બિનતાલીમી શિક્ષકોને તાલીમ મેળવવા માટે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીની મુદત અપાઈ છે. શિક્ષકોએ પાસ કરવાનો કોર્સ બે વર્ષનો હોવાથી તેમને ૨૦૧૯ સુધીની મુદત અપાઈ છે. લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો માટે આ અંતિમ તક રહેશે. જો, આવા શિક્ષકો તાલીમ મેળવવામાં નિષ્ફળ જશે તો તેઓને નોકરી ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે નહીં અને ૧ એપ્રિલ, ૨૦૧૯ પછી તેમને નોકરીમાંથી બરતરફ કરાશે. હાલમાં જે બિનતાલીમી શિક્ષકો સ્કૂલમાં ફરજ બજાવે છે તેમના માટે કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે તેનો અમલ કરવા પરિપત્રમાં જણાવાયું છે. પરિપત્રમાં આપવામાં આવેલી સૂચના પ્રમાણે બિનતાલીમી શિક્ષકોએ ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં નિયત કરાયેલી લઘુત્તમ લાયકાત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ મારફતે મેળવવાની રહેશે. હાલમાં ફરજ બજાવતા હોય તેવા તમામ બિનતાલીમી શિક્ષકોએ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ મારફત **D.El.ED.**ની લાયકાત ફરજિયાત મેળવવાની રહેશે.

ખાનગી સ્કૂલોમાં નોકરી કરતા બિનતાલીમી શિક્ષકોએ જે તે શાળામાં પોતે નોકરી કરે છે તે મતલબનું તેમના આચાર્યનું પ્રમાણપત્ર મેળવીને સરકારને રજૂ કરવાનું રહેશે. બિનતાલીમી શિક્ષકો માટેનું રજિસ્ટ્રેશન ૧૬ ઓગસ્ટ, ૨૦૧૭થી શરૂ કરાશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધી ચાલુ રહેશે. આ રજિસ્ટ્રેશન બિનતાલીમી શિક્ષકોએ આચાર્ય રાજય કક્ષાના કોઓર્ડિનેટર મારફતે પોર્ટલ પર કરી દેવાના રહેશે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં બિનતાલીમી શિક્ષકો રજિસ્ટ્રેશન કરાવવામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. આમ, હવે બિનતાલીમી શિક્ષકો પર બે તરફથી નોકરી જવાનું જોખમ ઉભું થયું છે. જો, તેઓ નિયત સમયમાં રજિસ્ટ્રેશન નહીં કરાવે તો નોકરી જશે અને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ડિગ્રી મેળવી નહીં શકે તો પણ તેમની નોકરી જશે. ધો૧૨માં ૫૦ ટકા નહીં હોય તો પરીક્ષા ફરી આપવી પડશે ઉ.ઈ.મમાં પ્રવેશ મેળવવા માટે શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવી છે. જેમાં ધોરણ૧૨માં ૫૦ ટકા મેળવેલા હોવા જોઈએ. જો, બિનતાલીમી શિક્ષકે ધોરણ૧૨માં ૫૦ ટકા મેળવ્યા નહીં હોય તો તેમણે વેબ મારફતે ધોરણ૧૨ની પરીક્ષા ફરીથી આપવાની રહેશે અને ધોરણ૧૨માં ૫૦ ટકા ગુણ સાથે પાસ થવું પડશે. જોકે, તેમને ઉ.ઈ.મમાં કામચલાઉ ધોરણે એ શરતે પ્રવેશ અપાશે કે **D.El.ED.**નો અભ્યાસ પૂર્ણ કરે તે પહેલા તેઓએ ધોરણ૧૨ ૫૦ ટકા સાથે પાસ કરવાનું રહેશે. ૫૦ ટકા સાથે ધોરણ૧૨ પાસ કરેલા બિનતાલીમી શિક્ષકોને જ **D.El.ED.**નું પ્રમાણપત્ર અપાશે.

ઉચ્ચ પ્રાથમિકમાં બિનતાલીમી શિક્ષકોએ બીએડની ડિગ્રી મેળવવી પડશે પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકો માટે **D.El.ED.**ની ડિગ્રી ફરજિયાત મેળવવાની રહેશે, તે જ રીતે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ફરજ બજાવતા બિનતાલીમી શિક્ષકો માટે પણ ડિગ્રી ફરજિયાત કરાઈ છે. તેમના માટે બીએડની ડિગ્રી મેળવવાની રહેશે તેમ પરિપત્રમાં જણાવાયું છે. ઉચ્ચ પ્રાથમિક સ્કૂલોના બિનતાલીમી શિક્ષકોએ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અથવા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી બી.એડ.નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જો, તેઓ પ્રમાણપત્ર મેળવવામાં નિષ્ફળ જશે તો તેમની પર પણ નોકરીનું જોખમ ભું થશે. સંસ્થા સામે પણ પગલાં લેવાશે સરકાર દ્વારા બિનતાલીમી શિક્ષકો માટે તાલીમ મેળવવાનું ફરજિયાત કરાયા બાદ પણ જો કોઈ સંસ્થા બિનતાલીમી શિક્ષકોને પોતાની સંસ્થામાં ચાલુ રાખશે તો તે સંસ્થા સામે પગલાં ભરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. રાઈટ ટુ એજયુકેશન એક્ટના નિયમ મુજબ બિનતાલીમી શિક્ષકોને સંસ્થા નોકરીમાં રાખી શકશે નહીં.

## હવે મોદીનાં નિશાના પર ડૉક્ટર અને દવા કંપનીઓ

# મોંઘી ગિફ્ટ્સ અને વિદેશ પ્રવાસ રોકવાનો કાયદો

આપણો દેશ દુનિયાભરનાં મોટા દવા બજારોમાંથી એક છે. આને ધ્યાનમાં રાખીને કેન્દ્રની મોદી સરકાર દવા કંપનીઓ માટે પહેલી વાર એવો કાયદો બનાવ્યો છે જેમાં ડૉક્ટરો અને દવાના દુકાનદારોને ૧૦૦૦ રૂપિયાથી વધારેની ગિફ્ટ અથવાતો ટ્રિપ આપવા પર રોક લગાવવામાં આવસે. તે માટેના પ્રપોઝ્ડ ડ્રાફ્ટની કૉપી રાયટર્સનાં હાથમાં આવી ગઈ છે. જો ક, દુનિયાનાં ઘણા દેશોમાં આ પ્રકારનાં નિયમોને ઘણા સામાન્ય ગણવામાં આવે છે. તેમજ ત્યાંની દવાની કંપનીઓ તે નિયમનું પાલન પણ કરે છે, પરંતુ હજુ તે નિયમ ભારતમાં લાગૂ નથી પડ્યો. દવાની કંપનીઓ ડૉક્ટરો તેમજ દવાના દુકાનદારોને પોતાની દવા પ્રિસ્ક્રાઈબ કરવા માટે ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી લઈને વિદેશ પ્રવાસ સુધીનો ખર્ચો ઉઠાવે છે.

પ્રખ્યાત ગેસ્ટ્રોઈંટેસ્ટિનલ સર્જન સમીરન નંદી જણાવે છે, દેશમાં ડૉક્ટરોનાં ભ્રષ્ટાચાર અને લાંચરુશ્વત ખૂબ જ મોટા પાયા પર ફેલાયેલુ છે. અમે તેના ઘણા પ્રકારો જોયા છે. ડૉક્ટરોને ભેટસોગાદો આપવાથી લઈને થાઈલેન્ડ જેવા દેશોમાં યોજાયેલા સંમેલનોમાં ભાગ લેવા માટેનો ખર્ચો ઉઠાવવા સુધી.

તેમણે કહ્યું કે, આ ખૂબ સારી વાત છે કે માર્કેટિંગ નિયમ લાગૂ થવા જઈ રહ્યો છે, પરંતુ ભારતમાં એવા ઘણા કાયદાઓ છે જેને યોગ્ય રીતે અમલમાં નથી મૂકવામાં આવ્યા. હું આશા રાખું છુ કે આ કાયદા પર સંપૂર્ણ રીતે અમલ થાય.ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સની તરફથી તૈયાર કરાયેલા ડ્રાફ્ટની કાયદા મંત્રાલય સમીક્ષા કરી રહ્યું છે.

આ પ્રસ્તાવિત ડ્રાફ્ટમાં માર્કેટિંગ પર ખર્ચની મર્યાદા નક્કી કરવા સિવાય દવાઓને લઇને કંપનીઓના જુઠ્ઠા દાવાઓ પર પણ ધ્યાનમાં રખાશે. નિયમોમાં ડૉક્ટર્સને આપવામાં આવતા ટ્રાયલ સેંપલ્સની સંખ્યા પણ નક્કી કરાઈ છે. ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સના એક અધિકારીએ ડ્રાફ્ટમાં સામેલ વાતો પર વિસ્તારથી વાતચીત કરવાની ના પાડી દીધી, પરંતુ તેમણે કહ્યું કે નિયમોની સમીક્ષા કરાઇ રહી છે. તેમણે કહ્યું કે નવા નિયમ લાગૂ કરવાની કોઇ સમય મર્યાદા નક્કી કરાઇ નથી.

# ધો.૧૨ અંગ્રેજીમાં દિપીકા પદુકોણના પિતાનો પત્ર ભણાવાશે

પીકુ ફિલ્મ માટે દિપીકાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો ત્યારે તેણે સ્ટેજ પર પત્ર વાંચ્યો હતો બોલિવુડની પ્રખ્યાત એક્ટ્રેસ દિપીકા પદુકોણના પિતાએ બંને પુત્રીઓને લખેલો પત્ર હવે ગુજરાતના ધોરણ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમનો ભાગ બની ચુક્યા છે. ગુજરાત બોર્ડના ધો.૧૨ અંગ્રેજી માધ્યમમાં અંગ્રેજી પ્રથમ ભાષાના પુસ્તકમાં આ લેટરનો સમાવેશ કરાયો છે. ફેમિલિ બોન્ડિંગ અને માનવીય મૂલ્યોનું મહત્વ સમજાવતા આ પ્રકરણમાં દિપીકા પદુકોણના પિતાના પત્રનો સમાવેશ કરાયો છે. ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ૨૦૧૭માં ધો.૧૨ કોમર્સના પુસ્તકમાં ફેરફાર કર્યો હતો અને નવો અભ્યાસક્રમ અમલી બનાવ્યો છે, જેના ભાગરૂપે આ પત્રનો સમાવેશ કરાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાલમાં ધોરણ૧૨ કોમર્સના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ અંગ્રેજી પ્રથમ ભાષાના પુસ્તકમાં દિપીકા પદુકોણને તેના પિતાએ લખેલા પત્રને લઈ ભારે ઉત્સાહીત જોવા મળે છે. દિપીકાના પિતાએ તેની પુત્રી દિપાકી પદુકોણ અને અનિષા પદુકોણને ઉદેશીને એક પત્ર વર્ષ પહેલા લખ્યો હતો. આ પત્રનો હવે રાજયના પાઠ્ય પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અંગ્રેજીના પુસ્તકમાં યુનિટ-જમાં આ આખેઆખો પત્ર છાપવામાં આવ્યો છે અને તેના થકી વિદ્યાર્તીઓને ફેમેલી બોન્ડિંગ અને હ્યુમન વેલ્યૂઝ શિખવવાનો પ્રયાસ કરાયો છે. ગતવર્ષે દિપીકા પદુકોણને પીકુ ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મ પિતા અને પુત્રીના સંબંધ પર હતી. એવોર્ડ લેવા માટે દિપીકા પદુકોણ જયારે સ્ટેજ પર ગઈ ત્યારે તેણે સ્ટેજ પર તેના પિતા પ્રકાશ પદુકોણે તેને ઉદ્દેશીને લખેલો પત્ર વાંચ્યા બાદ તે ભાવુક થઈ ગઈ હતી. આ પત્ર તે વખતે ખાસ્સી ચર્ચામાં રહ્યો હતો અને પિતા-પુત્રીના સંબંધ પર લખાયેલા પત્રએ ફિલ્મ જગતમાં ભારે ખ્યાતી મેળવી હતી. ત્યાર બાદ પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ચાલુ વર્ષથી અભ્યાસમાં મુકેલા નવા અભ્યાસક્રમમાં આ પત્રનો સમાવેશ કરતા દિપીકા પદુકોણ ઉત્સાહીત થઈ ગઈ હતી. દિપીકા પદુકોણના પિતાએ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, બાળકોએ પોતાના સ્વપ્ન પૂરા કરવા માટે પોતે જ મહેનત કરવી જોઈએ, તેમણે એ વાતની રાહ ન જોવી જોઈએ કે કોઈ તેમના માટે સફળતા લઈને આવે. આજે પણ તુ જયારે ઘરે આવે છે ત્યારે પોતાનું બિસ્તર જાતે જ કરે છે અને ખાવાનું પણ જાતે જ લે છે. તુ ક્યારેક વિચારતી હશે કે અમે તને એક સ્ટાર માનવા કેમ તૈયાર નથી, તો એ એટલા માટે કે, તુ અમારા માટે પુત્રી પહેલા અને ફિલ્મ સ્ટાર પછી છે.

## પ્રકાશ પદુકોણે પોતાની બંને દીકરીને પરિવાર ભાવના તથા માનવીય મૂલ્યો શીખવતો પત્ર લખ્યો હતો

# પ્રાર્થના આત્માનો ખોરાક છે



**લેખિકા : ડો. કિર્તી માટલીવાલા**

હિન્દુ સંસ્કૃતિનું આવરણ ધરાવતા ભારત દેશમાં પ્રાચીન સમયથી પ્રાર્થનાએ શિક્ષણનો એક ભાગ રહી છે. સર્વ ધર્મગ્રથોએ નોંધ્યું છે કે પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. બાળકના હ્લદયને વિકસિત કરવા પ્રાર્થના અનિવાર્ય રીતે શિક્ષણ ક્ષેત્રે સ્થાપિત છે. સ્વયં શક્તિનો સ્ત્રોત છે તેની અનુભૂતિ બાળકને પ્રાર્થના દ્વારા થતી હોય છે. હાલમાં પણ શાળા-કોલેજોમાં દૈનિક શિક્ષણ કાર્યનો આરંભ પ્રાર્થનાથી થાય છે. પણ આજકાલની થતી પ્રાર્થનાઓ અને સ્વયંભુ થતી પ્રાર્થનાઓમાં સૂર્ય પ્રકાશ અને ઇલેક્ટ્રીસિટી થકી ફેલાતા પ્રકાશ જેટલો તફાવત રહેલો છે. શાળાઓમાં સાઉન્ડ સિસ્ટમ કે સીડી પ્લેયર થકી રોજેરોજ થતી સ્ટીરીયો ટાઇપ પ્રાર્થના વિદ્યાર્થીઓને આંતરિક વિકાસમાં સહાયક બની શકે ખરી? આજે જ્યારે ઇડિયટ બોક્સ અને ઇન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓ કાર્ટૂન, વિડીયોગેમ્સ, સિરિયલ્સ, ફિલ્મ વગેરેમાં સાવ જ ખોવાયેલો રહેતો હોય છે અને સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થી જીવનથી જ સ શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે તાણમય રહે છે ત્યારે પૂર્વે ક્યારેય ન્હોતી તેનાથી વિશેષ આવશ્યકતા પ્રાર્થનાની વર્તાય રહી છે. હાલમાં શાળાઓમાં થતી પ્રાર્થના એ એક પ્રકારની ઔપચારિક ક્રિયા બની ગઈ છે. બાળક વિદ્યાર્થીના આંતરિક પ્રશ્નોનું નિરાકરણ આવી ઔપચારિક ક્રિયાવાળી પ્રાર્થનામાંથી કેવી રીતે પામી શકે. વિવિધ પડકારોને ઝીલવા માટે પ્રાર્થના વ્યક્તિને તૈયાર કરે છે, શું આપણી શાળાઓમાં એ રીતે પ્રાર્થના થાય છે ખરી? વિદ્યાર્થીઓમાં જોવા મળતી વર્તન-વર્તણૂંકની સમસ્યાઓનું મૂળ તેમનો આંતરિક સંઘર્ષ ન હોઈ શકે? પ્રાર્થના જ એવું પરિબળ કહો કે માધ્યમ છે જે સતત સંઘર્ષમય રહેતા વિદ્યાર્થીઓમાં માનસિક શાંતિ કેળવી શકે એમ છે.

આંતરિક શક્તિને ઉજાગર કરવામાં પ્રાર્થના સહાયક બનતી હોય છે. મનુષ્ય એ પરમાત્માનો અંશ છે આથી પરમ શક્તિથી ભરપૂર છે. શક્તિનો વિનિયોગ કરી તે પોતાના લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. વ્યક્તિઓ વચ્ચે વિસંવાદિતતા જોવા મળે છે તેનું મુખ્ય કારણ આંતરિક સંવાદીતાનો અભાવ છે. પ્રાર્થના દ્વારા આપણે આંતરિક સંવાદિતા પ્રાર્થનાપ્રકરતા હોઈએ છીએ. બુદ્ધ ભગવાન કહેતા 'આપ દિપો ભવઃ' સ્વયંને દિપક સ્વરૂપ બનાવવા આપણે પ્રાર્થના કરવી જ રહી.

મહાત્મા ગાંધી માત્ર 'વૈષ્ણવ જન તો એને....' ભજન ગાતા ન હતા પરંતુ તેના પ્રત્યેક ગુણને તેમના જીવનમાં ચરિતાર્થ કરતા હતા. તેઓ કહેતા કે મારી એક પણ પ્રાર્થનાનો પ્રભુએ ઉત્તર ન આપ્યો હોય એવું કદી બન્યુ નથી. પરમતત્વ સાથે ઐક્ય સ્થાપવા પ્રાર્થના કરવી જરૂરી છે કારણકે તે હ્લદયની ભાષા છે. કહેવાય છે કે સૌથી શ્રેષ્ઠ પ્રાર્થના એ મૌન છે. બાહ્ય અને આંતરિક રીતે મૌન રહી આપણે પ્રભુ સાથે સંવાદ સ્થાપી શકીએ છીએ.

પ્રાર્થના શાળાઓમાં સ્વયંભુ અને અંતરના ઉંડાણથી થાય તે માટે શું કરી શકાય?

- પ્રાર્થનાનું મૂળ કંઠ નથી પણ હ્લદય છે, હ્લદયને નિર્મળ કરી પ્રાર્થના કરવામાં આવે તો તે પરમતત્વ સુધી પહોંચતી હોય છે. વિદ્યાર્થીઓને તેની સમજ આપી શકાય તેમજ પ્રાર્થનાના શબ્દો અને ભાવથી તેમને પૂર્વે પરિચિત કરી શકાય. સમજણ કેળવ્યા પછી તેમના દ્વારા થતી પ્રાર્થના આત્માનો પરમ પોકાર બની જશે.
- પ્રાર્થના દ્વારા વ્યક્તિનું આંતર વિશ્વ પરિવર્તન પામતું હોય છે આથી જ પ્રાર્થના ગાવાની સાથોસાથ એના ભાવો વિદ્યાર્થીઓની ભીંતરમાં ઉતરવા જોઇએ.
- શાળા વિદ્યાર્થીઓને સમૂહ જીવન, એકરાગિતા, શિસ્ત વગેરે સાથે સમાજમાં સંગઠિત થઈ રહેવા માટે તૈયાર કરે છે ત્યારે પોતાના વર્ગ ખંડમાં બેસી માઇક પર પ્રાર્થનાની ક્રિયાને ઔપચારિક ન બનાવતા સમૂહ પ્રાર્થના થાય તેવું આયોજન થવું જોઇએ.
- વિદ્યાર્થીઓના ચંચળ મનને યોગ્ય દિશામાં વાળવામાં સંગીત ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓને સંગીતના તાસમાં સરસ રીતે પ્રાર્થનાનું ગાન કરવાની તાલિમ આપવી જોઇએ. સંગીતમય પ્રાર્થના હ્રદયસ્થ ત્વરિત બને છે.
- એક વિષયમાં વિદ્યાર્થી પૂર્ણતઃ ડુબકી લગાવે તે પહેલા આપણે બીજા વિષયનો પ્રારંભ કરી દેતા હોઈએ છીએ. વિદ્યાર્થીનું મન આપણી શાળાના સમયપત્રકને ક્યાં અનુસરતું હોય છે? આ તબક્કે પ્રત્યેક તાસના પ્રારંભમાં ઓમ નાદ રૂપી પ્રાણાયામ વિદ્યાર્થીઓ કરે અને નવા વિષયને શીખવાની શરૂઆત કરે.
- પ્રાર્થના સભામાં વિદ્યાર્થી આવવા માટે તત્પર હોય તેવું વાતાવરણ નિર્માણ કરવું જોઇએ. મૌન એ પણ પ્રાર્થના છે, તેથી ૫ મિનિટ મૌનને પ્રાર્થના સભામાં સ્થાન આપવું જોઇએ જે વિદ્યાર્થીને ધ્યાન યોગ તરફ દોરી શકે.
- વિદ્યાર્થી જીવનમાં શક્તિ સ્વરૂપ હોય છે તેમની શક્તિને યોગ્ય દિશામાં વાળવાની આવશ્યકતા છે. રિસેષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા થતાં તોફાન-મસ્તી ઓછા થાય તે માટે શાળા ભવનમાં સંગીતમય વાતાવરણમાં ઉભું કરી શકાય.
- આમ, સર્વાંગીણ વિકાસના હેતુને સિદ્ધ કરવા વિદ્યાર્થીને બાહ્ય તેમજ આંતરિક વિકાસોન્મુખ કરવા, સમાજને સક્ષમ નાગરિકો આપવા માટે વિદ્યાર્થીઓને સારી રીતે પ્રાર્થના કરતા કરીએ કારણકે....

***"જ્યારે માનવી ક્રિયાશીલ હોય છે ત્યારે માત્ર માણસ કામ કરે છે પણ જ્યારે માનવ પ્રાર્થના કરી ક્રિયાશીલ હોય છે ત્યારે માનવી સાથે પરમ તત્ત્વ કામ કરતું હોય છે."***

# વિશ્વમાં જેટલી સંસ્કૃત ની કદર થાય છે તેટલી ભારતમાં નથી થતી

**સર્વદા ન્યુઝ**

સંસ્કૃતએ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. એવું કહેવાય છે કે સંસ્કૃત ભાષામાં ધરબાયેલા જ્ઞાનને પગલે માનવી અમરત્વ હાંસલ કરી શકે છે. સંસ્કૃતનો ઉદભવ ભારતમાં થયો હતો. પરંતુ, ભારતમાં સંસ્કૃત પ્રત્યે એટલું ઉદાશીન વલણ છે કે યુનિવર્સિટીઓમાં સંસ્કૃત ભાષાઓના અભ્યાસક્રમો, ડિપાર્ટમેન્ટો બંધ થઈ રહયા છે. જ્યારે અમેરિકા, યુરોપ, સાઉદી અરેબિયાની યુનિવર્સિટીઓ વિશ્વભરના બાળકોને સંસ્કૃત શીખવા માટે તેમના શહેરોમાં બોલાવી રહી છે.

ભારતીયો જે પોતાની ઉપલબ્ધી છે તેનું જતન કરવાની જગ્યાએ માનવજાતનું નિકંદન કાઢે તેવી પશ્ચિમી શોધની નકલ કરવામાં પેઢા પડી રહયા છે. વિશ્વભરમાં સંસ્કૃત ભાષા પ્રત્યે એટલો આદર ભાવ છે કે જર્મનીમાં તો એક આખી સંસ્કૃત યુનિવર્સિટી છે અને તેને સંલગ્ન ૩૦ કોલેજોમાં ફક્ત સંસ્કૃત ભાષામાં જ ભણાવાય છે.

ભારતના પોંડીચેરીની જ વાત કરીએ તો પોંડીચેરીમાં સંખ્યાબંધ વિદેશી યુનિવર્સિટીઓ તેમજ વિદેશી શૈક્ષણિક સંસ્થાઓના સ્ટડી સેન્ટરો આવેલા છે. આ પૈકી હાવર્ડ યુનિવર્સિટી સાથે સંકળાયેલા અલ કોલેજિયો ડી મેક્સિકો અન તેલ અવિવ યુનિવર્સિટી વચ્ચે શું સમાનતા છે તેની તમને ખબર છે? જાણીને અચરજ થશે કે આ બન્ને વિદેશી સંસ્થાઓ જેને સંસ્કૃત સાથે સ્નાનશૂતક સંબંધ નથી છતાં બન્ને યુનિવર્સિટીઓ વિશ્વના બે જુદા જુદા ક્ષેત્રોમાં સંસ્કત ભાષાના અભ્યાસક્રમો શીખવી રહી છે.

અમેરિકામાં આવેલી યુનિવર્સિટી ઓફ લોવા ની વેબસાઇટ પર જઈને સંસ્કૃત ભણાવતી કોલેજોની યાદી ચકાસસો તો આભા બની જશો. લિસ્ટમાં અમેરિકા અને બ્રિટનની બે પાંચ નહીં પરંતુ, સંખ્યાબંધ સંસ્થાઓના નામો મળશે જે સંસ્કૃત ભાષાનો અભ્યાસક્રમ ચલાવી રહી છે. યુનિવર્સિટી ઓફ લોવાની વેબસાઇટ પર માય વેબ પેઇજ નેટવર્ક દ્વારા એક લિંક આપવામાં આવી છે જેનું મથાળું એકેડેમિક સંસ્કૃત અરાઉન્ડ ધ વર્લ્ડ છે અને તે યુનિવર્સિટી ઓફ લોવાની વેબસાઇટ પર ઉલ્લેખ છે.




આ સમગ્ર કાર્યવાહી પંકજ જૈન કે જે બિનનિવાસી ભારતીય છે અને અમેરિકાના ન્યુ બર્ન્સવિક ક્ષેત્રમાં આવેલી રૂટગર્શ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષય ભણાવી રહયા છે. યુનિવર્સિટી ઓફ લોવા ની વેબસાઇટ પર સંસ્કૃત અભ્યાસ ક્રમ ઓફર કરતી યુનિવર્સિટીઓની વૈશ્વિક યાદીઓ જોઇને એવું કહી શકાય કે વિશ્વભરના લોકો સંસ્કૃતને અપનાવી રહયા છે જ્યારે ભારતમાંથી સંસ્કૃત ભાષા દિનપ્રતિદિન નામશેષ થઈ રહી છે.

અમેરિકાની યુનિવર્સિટી ઓફ પૃથ્વી પરના દેશોમાં સંસ્કૃત ક્યાં ક્યાં ભણાવાય છે તેની યાદી પ્રસિદ્ધ કરી છે. આ યાદી અનુસાર ઓસ્ટ્રીયા, બેલ્જિયમ, બ્રિટન, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટલી, નેધરલેન્ડસ, નોર્વે, રશીયા, સ્વીડન, સ્વીટ્ઝરલેન્ડ, મિડલ ઇસ્ટ, સાઉદી અરબ, જાપાન, થાઇલેન્ડ, મલેશિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડસ, કેનેડા વગેરે દેશોમાં સંસ્કૃત ભાષાના અભ્યાસક્રમો ભણાવાય રહ્યા છે. આવા દેશોમાં જો વિદ્યાર્થીઓ રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી શકે તેમ ન હોય તો તેમના માટે વેબસાઇટ પર સંસ્કૃત વાંચન માટેનું અઢળક મટિરિયલ મફતમાં મૂકવામાં આવ્યું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે ભારતમાં નહીં હોય તેટલી સંખ્યામાં સંસ્કૃતની સંસ્થાઓ, અભ્યાસક્રમો ઉત્તર અમેરિકામાં કાર્યરત છે. અલ કોલેજિયો ડી મેક્સિકો, બ્રાઉન યુનિવર્સિટી, કોલંબિયા યુનિવર્સિટી, કેનેડાની કોન્કોર્ડિયા યુનિવર્સિટી, કોર્નેલ યુનિવર્સિટી, એમોરી યુનિવર્સિટી, જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી, હાવર્ડ યુનિવર્સિટી, ઇન્ડિયાના યુનિવર્સિટી, મેકગિલ યુનિવર્સિટી અને મકમાસ્ટર યુનિવર્સિટી તદુપરાંત ઓહિયો સ્ટેટ યુનિવર્સિટી, રૂટગર્સ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ કેલિફોનિયા, યુનિવર્સિટી ઓફ અલ્બામા, યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબીયા અને યુનિવર્સિટી ઓફ કાલગેરી ઇન કેનેડા, યુનિવર્સિટી ઓફ ચિકાગોમાં જેવી અનેક યુનિવર્સિટીઓમાં સંસ્કૃતના અભ્યાસક્રમો માંગો તેવી મળી રહયા છે.

અને છેલ્લે સુરતની વાત કરીએ તો સુરતમાં વીર કવિ નર્મદ જ્યાં રહેતા હતા એ ગોપીપુરા આમલીરાન વિસ્તારમાં તેમના મકાનની સામે જ સૂર્યપૂર સંસ્કૃત પાઠશાળા આવેલી છે આ સંસ્કૃતની પાઠશાળામાં પણ અતિદુર્લભ એવા સંસ્કૃતના શાસ્ત્રો, પુસ્તકો અને તેમાં જ્ઞાનનો ભંડાર ધરબાયેલો રહયો છે. પરંતુ કમનસીબે એવા બહુ જૂજ લોકો છે જેઓ આ સાંસ્કૃતિક જ્ઞાનનો વારસો સાચવી શકે, તેનું જતન કરી શકે અને તેમાંથી માનવ જીવનને ઉપયોગી જ્ઞાન વહેંચી શકે.

## હાવર્ડ યુનિવર્સિટી અને તેલ અવિવ યુનિવર્સિટી વિશ્વના વિદ્યાર્થીઓને સંસ્કૃતના અભ્યાસક્રમો ઓફર કરે છે અને ભારતીય યુનિવર્સિટીઓમાં સંસ્કૃતના અભ્યાસક્રમો ધડાધડ બંધ થઈ રહયા છે

# ઉકા તરસાડીયા યુનિ.ના એનએસએસના વિદ્યાર્થીઓએ નિઝરમાં સફાઇ અભિયાન હાથ ધર્યું



ઉકા તરસાડીયા યુનિવર્સિટીના એન.એસ.એસ. (રાષ્ટ્રીય સેવા યોજના)ના વિદ્યાર્થીઓએ વિતેલા સપ્તાહે સુરત જિલ્લાના છેવાડે આવેલા નિઝર ગામ ખાતે જઇને ઘનિષ્ઠ સફાઇ અભિયાન હાથ ધરીને સ્વચ્છતા જનજાગરણ અભિયાન થી ગ્રામજનોનો પણ વાકેફ કર્યા હતા.

# પ્રેસિડેન્સી સ્કુલમાં જન્માષ્ટમી પર્વની રંગે ચંગે ઉજવણી, મટકી ફોડ કાર્યક્રમ યોજાયો



સુરતના અડાજણ વિસ્તારમાં આવેલી પ્રેસિડેન્સી સ્કુલમાં ગત સોમવારના રોજ ગોકુળ આઠ પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે ખાસ સાંસ્કૃતિક અને ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી શ્રી ક્રિષ્ણ અને ગોવાળના વસ્ત્ર પરિધાન કરીને આવ્યા હતા. ક્રિષ્ણ જન્મોત્સવ ઉપરાંત મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો.

# પરંપરાગતથી હટકે અભ્યાસક્રમો

## એક્ચ્યુઅરીઝ

એક્ચ્યુઅરીઝ એ બહુ અલ્પ પ્રચલિત અભ્યાસક્રમ તેમજ તાલિમ છે. ધો.૧૨માં સાયન્સ હોય કે કોમર્સ ડિસ્ટ્રીંકશન સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓએ જો જોરદાર કરિયર બનાવવી હોય અને આવા કરિયર માટે ઝનૂન હોય તો એક્ચ્યુઅરીઝ કોર્સ અપનાવી શકાય. એક્ચ્યુઅરીઝને સાયન્સ ઓફ બિઝનેશ, વેપાર-ધંધાનું વિજ્ઞાન અને જ્યોતિષ પણ કહેવામાં આવે છે.

એક્ચ્યુઅરીઝ થયેલા લોકો એટલા નિષ્ણાંત હોય છે કે તેઓ વિવિધ ઉદ્યોગો, સરકાર, વીમા કંપનીઓ વગેરેને આવતીકાલના અનિશ્ચિત જોખમથી વાકેફ કરાવે છે અને તેના આધારે ઉદ્યોગગૃહો, વીમા કંપનીઓ, નાણાંકીય સંસ્થાઓ, બેંકો વગેરે અગમચેતીના પગલાં ભરીને નુકસાન તો નિવારી શકે છે સાથે નફો પણ રળી શકે છે.

એક્ચ્યુઅરીઝ શું કામ કરે છે? ,ભૂતકાળને એનાલાઇઝ કરે છે, ભવિષ્યનું પ્લાનિંગ કરે છે, ભવિષ્યના જોખમથી વાકેફ કરે છે, ધંધાકીય રીતે ભવિષ્ય માટે લેવાયેલા નિર્ણયો સાર્થક ઠેરવે છે

એક્ચ્યુઅરીઝ કોણ બની શકે? : ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતી કોઈપણ વ્યક્તિ કે જેની પાસે ગણિત અગર તો આંકડાશાસ્ત્ર વિષય સાથેની ગ્રેજયુએટ ડિગ્રી હોય એવી વ્યક્તિ એક્ચ્યુઅરીઝ બનવાની લાયકાત ધરાવે છે. સામાન્ય રીતે મેથેમેટ્કિસ કે સ્ટેટિસ્ટીક્સમાં ફર્સ્ટ ક્લાસ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવતા ઉમેદવારોને એક્ચ્યુઅરીઝ માટે લાયક ગણવામાં આવે છે.

એક્ચ્યુઅરીઝ કોર્સની મુદત

અક્ચ્યુઅરીઝ કોર્સની કોઈ નિર્ધારિત મુદત નથી હોતી. એક્ચ્યુઅરીઝ બનવા માટે નિર્ધારિત ૧૫ વિષયોની લેખિત પરીક્ષા પાસ કરવાની હોય છે.

વધુ માહિતી માટે એક્ચ્યુઅરીઝ ઇન્ડિયાની વેબસાઈટ પર લોગ ઓન કરો.


## સાઈબર ક્રાઈમ પ્રિવેન્શન એકસપર્ટ

વર્તમાન સમયમાં સાઇબર એકસપર્ટની ભારે ડિમાન્ડ પ્રવર્તી રહી છે. હાલમાં જ્યારે શેર બજાર, બેકિંગ વ્યવહારો, વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની પ્રવેશ પરીક્ષાઓ, પ્રવેશ પ્રક્રિયાઓ, ધંધાકીય વ્યવહારો, રેલવેથી શરૂ કરીને સિનેમા ઘરોમાં ટિકિટ બુકિંગ, સરકારી વેબસાઇટસ વગેરે મળીને લગભગ તમામ કામકાજ હવે ઓનલાઇન એટલે કે ઇન્ટરનેટની મદદથી થઈ રહયું છે. ઇન્ટરનેટના માધ્યમે વિવિધ કામગીરીઓને ખૂબ સરળ બનાવી દીધી છે. તમામ પ્રક્રિયાઓને ઓનલાઇન કરવાથી સારા પરીણામો મળવાની સાથે એક મોટું જોખમ સાઇબર ક્રાઇમનું પણ વધ્યું છે. વર્તમાન સમયમાં આપણે એવા ઘણા કિસ્સાઓ સાંભળ્યા, વાંચ્યા હશે કે જેમાં કોઈક વ્યક્તિના બેંક એકાઉન્ટમાંથી સીધા નાણાં બીજાના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હોય અગર તો ડિમેટ એકાઉન્ટમાંથી શેર બારોબાર ઉપડી ગયા હોય. આમ, ઓનલાઇન પદ્ધતિના ફાયદાની સાથે ગેરફાયદાઓ પણ છે. આથી દરેક ઓનલાઇન સિસ્ટમને સાઇબર ક્રાઇમ, હેકિંગ વગેરેથી બચાવવા માટે સાઇબર એક્સપર્ટની તાતીજરૂરીયાત વર્તાઈ રહી છે.

સાઇબર ક્રાઇમ પ્રિવેન્શન એકસપર્ટની જરૂરીયાત બેંકો, સરકારી કચેરીઓ, વીમા કંપનીઓ, નાણાંકીય સંસ્થાઓ, સ્કૂલો સહિત મહત્વની માહિતીઓનું પ્રોસેસિંગ કરતા લોકો સહિત લગભગ દરેક સંસ્થાઓનેમાં હોય છે. સાઇબર ક્રાઇમના અભ્યાસક્રમ ગુજરાતમાં અમદાવાદ ખાતે આવેલી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવી રહી છે. કોઈપણ વિદ્યાશાખામાંથી સ્નાતક થયેલા અને કમ્પ્યૂટરનું નોલેજ ધરાવતા ઉમેદવારો સાઇબર એકસપર્ટ અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર છે.

## રોબોટિક્સ

રોબોટિક્સ એ ટેકનોલોજીની બિલકુલ અદ્યતન વિદ્યાશાખા છે. રોબોટિક્સ અભ્યાસમાં માનવજીવન સાથે તેમજ ઉત્પાદન એકમ સાથે સંકલિત કામગીરીને માનવ રહિત મશીન એટલે કે રોબોટ્સથી કેવી રીતે કરી શકાય તેનું જ્ઞાન આપવામાં આવે છે. વિવિધ પ્રકારની કામગીરી માટે રોબોટ્સની ડિઝાઇન કેવી હોવી જોઇએ, તેની રચના, તેનું સંચાલન, સ્ટ્રક્ચરલ ડિપોઝીશન, ઉત્પાદન અને તેની એપ્લિકેશનનું જ્ઞાન રોબોટ્કિસમા આપવામાં આવે છે. ગુજરાતમાં હાલ બેચરલ ઓફ ટેકનોલોજી લેવલે એકેય કોલેજમાં આ અભ્યાસક્રમ ચાલતો નથી પરંતુ, માસ્ટર ડિગ્રી ઓફ એન્જિનિયરિંગ લેવલે રોબોટ્કિસનો અભ્યાસ શક્ય છે.



રોબોટ્સથી સિક્યુરિટી, સુપરવિઝન, ટ્રાન્સપોર્ટેશન, ટિકેટિંગ, મેડિકલ સહિત અનેક ક્ષેત્રોની કામગીરી બિલકુલ સરળ અને બિનખર્ચાળ બની જાય છે. કેટલાક દેશોમાં રોબોટ્કિસનો વિરોધ એટલા માટે પણ થાય છે કેમકે રોબોટ્કિસ એક પ્રકારે રોજગારી ઓછી કરતો અભ્યાસક્રમ છે.

# IAS-IPSની પરીક્ષામાં માતૃભાષા ગુજરાતીનું સ્થાન અને મહત્વ

મુખ્ય પરીક્ષાઃ મુખ્ય પરીક્ષાના આ તબક્કામાં નવ પ્રશ્નપત્ર હોય છે. આ પરીક્ષાના તમામ પ્રશ્નપત્રો લેખિત સ્વરૂપના હોય છે. એ પ્રશ્નપત્ર દીઠ આપણે તપાસતા જઈશું કે એમાં માતૃભાષા ગુજરાતીનું સ્થાન કેવું છે.

પ્રશ્નપત્ર-૧ માતૃભાષાનું હોય છે. ત્રણ કલાકના પશ્નપત્રમાં ત્રણસો ગુણ હોય છે. બંધારણની આઠમી અનુસૂચિમાં દર્શાવેલ ભાષાઓમાંથી ઉમેદવારે કોઈ એક ભાષા પસંદ કરવાની હોય છે. (મહદ અંશે ગુજરાતનો ઉમેદવાર ગુજરાતી ભાષા પસંદ કરે એમ માની લઈએ. પણ એ માન્યતા યથાર્થને વાસ્વલક્ષી સાબિત થતી નથી. એનું કારણ એ છે કે ગુજરાતનો વિદ્યાર્થી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી ચૂક્યો હોય તો તે અંગ્રેજી ભાષા પણ આ પ્રશ્નપત્ર અન્વયે પસંદ કરી શકે છે. અહીં જ એ બીજી મુશ્કેલી એ પણ છે કે માનવ વિદ્યાઓમાં ભાષા સાહિત્યના વિદ્યાર્થીઓ આ પ્રશ્નપત્ર અન્વયે ગુજરાતી ભાષાનું પ્રશ્નપત્ર પસંદ કરે છે. ઠીક છે. પણ માનવ વિદ્યા સિવાયના વાણિજ્ય, વિજ્ઞાન, વાણિજ્ય સંચાલન, ઇજનેરી, તબીબી વિદ્યાના વિદ્યાર્થીઓનો માતૃભાષા ગુજરાતી પરનો કાબૂ ઘણો જ નબળો હોય છે. અપવાદો બાદ કરતાં!) આ પ્રશ્નપત્રમાં નિબંધ લખવાનો હોય છે. આપેલા ગદ્યખંડની નીચેના પ્રશ્નોના ઉત્તરો આપવાનો હોય છે. આપેલા ગદ્યખંડનો સંક્ષેપ લખવાનો હોય છે. ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં આપવામાં આવેલા પરિચ્છેદનો અનુવાદ કરવાનો હોય છે. એ ઉપરાંત ગુજરાતી ભાષાના વ્યાકરણનો થોડા ભાગનો સમાવેશ થાય છે.

પ્રશ્નપત્ર-૨ ઇંગ્લિશનું ત્રણ કલાકનું ત્રણસો માર્કસનું હોય છે. એમાં કોમ્પ્રિહેન્સન ઓફ ગીવન પેસેજીસ, પ્રેઝિસ રાઇટિંગ અને યુસેઝ એન્ડ વોકેબ્યુલરીનો સમાવેશ થાય છે. (અહીં માતૃભાષાના સ્થાનનો પ્રશ્ન અપ્રસ્તુત છે. આઇ.એ.એસ.ની પરીક્ષામાં બેસનાર ઉમેદવારને માતૃભાષા ઉપરાંત આટલું અંગ્રેજી તો આવડવું જ જોઇએ. એ સ્પષ્ટ અપેક્ષા છે જ.)

પ્રશ્નપત્ર-૩ નિબંધનું હોય છે. ૨૦૦ માર્કસના ત્રણ કલાકના આ પ્રશ્નપત્રમાં ૬ વિષયો આપેલા હોય છે. એક વિષય પર લખવાનું હોય છે. આ પ્રશ્નપત્ર નિબંધ માતૃભાષા ગુજરાતીમાં લખી શકાય છે.( ગુજરાતી વર્તમાન પત્રો અને સામાયિકોના નિયમિત વાંચન અને નોંધથી આ નિબંધ લેખન માટે સામગ્રી સંચય કરવાનું અપેક્ષિત છે. હિન્દી કે અંગ્રેજી ભાષામાં જુદી જુદી કક્ષા માટે, અધ્યયનમાં ઉપયોગી નિવડે તેવા નિબંધ સંગ્રહો સુલભ છે. એ પ્રકારનો સંચિત સામગ્રીનો નિબંધ લખાયેલા હોય અને એનું સંપાદન થયું હોય તેનો ગુજરાતીમાં અભાવ અથવા અછત છે. એ નોંધવું રહ્યું.)

પ્રશ્નપત્ર-૪ અને ૫ સામાન્ય અભ્યાસ જનરલ સ્ટડીઝના હોય છે. બેય પ્રશ્નપત્ર ત્રણ કલાકના ૩૦૦-૩૦૦ માર્કસના હોય છે. (એની સામગ્રી સામાયિકો અને વર્તમાન પત્રોમાંથી ઉમેદવારે તારવવાની હોય છે.)

પ્રશ્નપત્ર-૬ અને પ્રશ્નપત્ર-૭ તરીકે ગુજરાતી પ્રશ્નપત્ર-૧ અને ગુજરાતી પ્રશ્નપત્ર-૨ લઈ શકાય છે. (કોઈપણ પ્રાંતનો રાજ્યનો વિદ્યાર્થી પોતાની માતૃભાષાના પ્રશ્નપત્રો લઈ શકે છે.) અહિં ગુજરાતી માતૃભાષાનું સ્થાન ઠીકઠીક મહત્વનું ગણાશે. પ્રશ્નપત્ર-૧ ગુજરાતીમાં વિભાગ-૧માં ગુજરાતી ભાષા, ભાષાનું સ્વરૂપ અને એના વિકાસની રૂપરેખાનો સમાવેશ થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ અહીં સામવેશ પામેલ જોવા મળે છે. જૈન પરંપરા અને ભક્તિ પરંપરા અભ્યાસના એકમ તરીકે છે. એ ઉપરાંત સુધારક, પંડિત, ગાંધી, અનુ-ગાંધી અને આધુનિક યુગના લક્ષણોથી ઉમેદવારે પરિચિત થવાનું છે. વિભાગ-૨માં રાસા, આખ્યાન, પદ્યવાર્તા જેવા મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપોનો અભ્યાસ કરવાનો રહે છે. લોક સાહિત્ય ઉપરાંત નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, ઉર્મિ કાવ્યે જેવા આધુનિક સાહિત્ય સ્વરૂપોથી વાકેફ થવાનું હોય છે. ગુજરાતી વિવેચન સાહિત્યના સ્વરૂપ વિકાસનો અભ્યાસ પણ આ તબક્કે અપેક્ષિત છે. પ્રશ્નપત્ર-૨માં વિભાગ-૧માં મધ્યકાલીન કૃતિઓમાં વસંત વિલાસ, કાદંબરી, સુદામા ચરિતં (પ્રેમાનંદ), ચંન્દ્ર-ચંન્દ્રાવતીની વાર્તા અને અખેગીતાનો અભ્યાસ અપેક્ષિત છે.

સુધારક યુગ અને પંડિત યુગની કૃતિઓમાંથી મારી હકિકત, ફાર્બસ વિરહ, સરસ્વતી ચંન્દ્ર, પૂર્વાલાપ, રાઈનો પર્વતનો સમાવેશ થાય છે. વિભાગ-૨માં ગાંધીયુગ અને અનુ ગાંધીની કૃતિઓમાંથી હિન્દ સ્વરાજ, પાટણની પ્રભુતા, કાવ્યની શક્તિ, સૌરાષ્ટ્રની રસધાર-૧, માનવીની ભવાઈ તથા ધ્વનિ જેવી કૃતિઓનો વિશેષ વિગતપૂર્ણ અભ્યાસ કરવો જરૂરી છે. એ અભ્યાસ ક્રમનો એક ભાગ છે. આધુનિક યુગની ઉત્તમોત્તમ કૃતિઓમાં સપ્તપદી (ઉમાશંકર જોષી), જનાન્તિક (સુરેશ જોષી), અશ્વત્થામા (સિતાંશુ યશશ્ચન્દ્ર)નો અભ્યાસ અપેક્ષિત છે. (ગુજરાતના આઇ.એ.એસ. પરીક્ષાની તૈયારી કરનારા ઉમેદવારોની સામાન્ય ફરિયાદ છે કે ગુજરાતીના બે પ્રશ્નપત્રો વિકલ્પે લેવાના હોય છે. તે અમારે લેવા તો છે પણ અમને એ વિશેની વાંચન સામાગ્રી મળતી નથી. આ ફરિયાદ વજુદ વગરની છે. જુદા જુદા જ્ઞાન કોશો, સામાયિકો, વિવેચન સંગ્રહો, સાહિત્યના ઇતિહાસોમાં આ સામગ્રી વિખરાયેલી પડેલી મળે છે. એકત્રિત કરવા માટે જાણકારી અને શ્રમ કરવાની તૈયારી તત્પરતા અનિવાર્ય છે. ક્રમશઃ રૂપમાં ગુજરાતીને આઇ.એ.એસ.ની પરીક્ષાના માધ્યમ તરીકે પ્રયોજવાની ઇચ્છા દાખવનારા ઉમેદવારોની સંખ્યા વધતી જાય છે, પણ ભારતની હિન્દી અને દક્ષિણ ભારતની તમિળ, તેલુગુ ભાષાને માધ્યમ ભાષા તરીકે પસંદ કરનારાઓની સંખ્યાના પ્રમાણમાં ગુજરાતીઓની સંખ્યા ઓછી છે.પ્રશ્નપત્ર-૮ અને ૯ તરીકે બીજો એક વિષય અને તેના બે પ્રશ્નપત્ર લેવાના હોય છે. (આ અગાઉ આપણે પ્રીલિમનરી પરીક્ષાના પ્રશ્નપત્ર-૨ માટે ૨૩ વિષયોની સૂચી ગણાવી ગયા તે ઉઉરાંત તેમાં એન્થ્રોપોલોજી, મેનેજમેન્ટ તથા કોમર્સ એન્ડ અકાઉન્ટન્સી એમ ત્રણ વિષયો વૈકલ્પિક રીતે પસંદ કરવાના વિષયોમાં ઉમેરાય છે. એટલે કુલ ૨૬ વિષયોમાંથી બે વિષયો (બન્નેના બબ્બે પ્રશ્નપત્ર અને દરેક પ્રશ્નપત્રના ૩૦૦ ગુણ એટલે કુલ ૧૨૦૦ ગુણ) પસંદ કરવાના હોય છે.

# ચાલુ વર્ષે MBBSની કોલેજોની બેઠકોની વહેંચણી

## અલગ બોર્ડ માટે કોઇ ક્વોટા નહીં, તમામ બોર્ડના વિદ્યાર્થીઓને નીટના સ્કોરના આધારે મેરીટથી સીટો ફાળવાઇ

**Seat Matrix for MBBS**

| Sr No | Inst_Name (MBBS) | Inst_Abbr | Intake | AIQ/MQ | NRI | GQ | SC | SC-PH | ST | ST-PH | SE | SE_PH | OP | OP_PH |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 001 | B.J.MEDICAL COLLEGE, AHMEDABAD | AMED | 250 | 37 | 0 | 213 | 14 | 1 | 31 | 1 | 55 | 2 | 106 | 3 |
| 002 | GOVT. MEDICAL COLLEGE, VADODARA | BMED | 180 | 27 | 0 | 153 | 11 | | 22 | 1 | 40 | 1 | 76 | 2 |
| 003 | GOVT. MEDICAL COLLEGE, SURAT | SMED | 150 | 22 | 0 | 128 | 9 | | 19 | | 34 | 1 | 63 | 2 |
| 004 | GOVT. MEDICAL COLLEGE, BHAVNAGAR | BHMED | 150 | 23 | 0 | 127 | 9 | | 18 | 1 | 33 | 1 | 63 | 2 |
| 005 | PANDIT DINDAYAL UPADHYAYA MEDICAL COLLEGE, RAJKOT | RMED | 150 | 22 | 0 | 128 | 9 | | 19 | | 34 | 1 | 63 | 2 |
| 006 | M.P. SHAH MEDICAL COLLEGE, JAMNAGAR | JMED | 200 | 30 | 0 | 170 | 10 | 1 | 25 | 1 | 45 | 1 | 84 | 3 |
| 007 | GMERS MEDICAL COLLEGE, SOLA, AHMEDABAD | SOLMED | 150 | 0 | 22 | 128 | 9 | | 20 | | 34 | | 65 | |
| 008 | GMERS MEDICAL COLLEGE, CIVIL HOSPITAL GANDHINAGAR | GMED | 150 | 0 | 22 | 128 | 9 | | 19 | | 35 | | 65 | |
| 009 | GMERS MEDICAL COLLEGE, DHARPUR, PATAN | PATMED | 150 | 0 | 23 | 127 | 9 | | 19 | | 34 | | 65 | |
| 010 | GMERS Medical college ,HIMMATNAGAR | HIMMED | 150 | 0 | 23 | 127 | 9 | | 19 | | 34 | | 65 | |
| 011 | GMERS MEDICAL COLLEGE,GOTRI,VADODARA | GOTMED | 150 | 0 | 23 | 127 | 9 | | 19 | | 34 | | 65 | |
| 012 | GMERS Medical college,JUNAGADH | JUMED | 150 | 0 | 22 | 128 | 9 | | 19 | | 35 | | 65 | |
| 013 | GMERS MEDICAL COLLEGE, VALSAD | VALMED | 150 | 0 | 22 | 128 | 9 | | 19 | | 35 | | 65 | |
| 014 | GMERS Medical College, Vadnagar | GMERSM | 150 | 0 | 23 | 127 | 9 | | 19 | | 34 | | 65 | |
| 015 | SMT. N.H.L. MUNICIPAL MEDICAL COLLEGE | NHL (NHLG) | 182 | 25 | 37 | 120 | 8 | | 18 | | 33 | | 61 | |
| 016 | SMT. N.H.L. MUNICIPAL MEDICAL COLLEGE | NHL (NHLL) | 68 | 0 | 0 | 68 | 5 | | 10 | | 18 | | 35 | |
| 017 | SURAT MUN. INST. OF MEDICAL EDUCATION AND RESEARCH | SMC (SMCG) | 80 | 15 | 22 | 43 | 3 | | 6 | | 12 | | 22 | |
| 018 | SURAT MUN. INST. OF MEDICAL EDUCATION AND RESEARCH | SMC (SMCL | 70 | 0 | 0 | 70 | 5 | | 11 | | 19 | | 35 | |
| 019 | PRAMUKH SWAMI MEDICAL COLLEGE, KARAMSAD | KMED | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 21 | | 38 | |
| 020 | C.U.SHAH MEDICAL COLLEGE, SURENDRANAGAR | CUMED | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 20 | | 39 | |
| 021 | A.M.C. MEDICAL EDUCATION TRUST MEDICAL COLLEGE , AHMEDABAD | LGMED | 150 | 15 | 23 | 112 | 8 | | 17 | | 30 | | 57 | |
| 022 | GUJARAT ADANI INSTITUTE OF MEDICAL SCIENCES, BHUJ | BHUMED | 150 | 15 | 22 | 113 | 7 | | 17 | | 31 | | 58 | |
| 023 | Dr. M K MEDICAL COLLEGE AND RESEARCH INSTITUTE, AHMEDABAD | MKMED | 150 | 15 | 23 | 112 | 8 | | 17 | | 30 | | 57 | |
| 024 | GCS MEDICAL COLLEGE,AHMEDABAD | GCSMED | 150 | 15 | 23 | 112 | 8 | | 17 | | 30 | | 57 | |
| 025 | Parul Institute of Medical Science and Research | PRMED | 150 | 15 | 23 | 112 | 8 | | 17 | | 30 | | 57 | |
| | | Total | 3630 | 296 | 383 | 2951 | 204 | 2 | 439 | 4 | 790 | 7 | 1491 | 14 |

# ચાલુ વર્ષે ડેન્ટલની કોલેજોની બેઠકોની વહેંચણી

**Seat Matrix for BDS**

| Sr No | Inst_Name (BDS) | Inst_Abbr | Intake | AIQ/MQ | NRI | GQ | SC | SC-PH | ST | ST-PH | SE | SE_PH | OP | OP_PH |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 01 | GOVT. DENTAL COLLEGE AND HOSPITAL, AHMEDABAD | AD | 100 | 15 | 0 | 85 | 6 | 0 | 12 | 1 | 22 | 1 | 42 | 1 |
| 02 | GOVT. DENTAL COLLEGE AND HOSPITAL, JAMNAGAR | JD | 100 | 15 | 0 | 85 | 6 | 0 | 13 | | 22 | 1 | 42 | 1 |
| 03 | MANUBHAI PATEL DENTAL COLLEGE AND DENTAL HOSPITAL,VADODARA | MPD | 40 | 4 | 6 | 30 | 2 | | 5 | | 8 | | 15 | |
| 04 | AHMEDABAD DENTAL COLLEGE, AHMEDABAD | AHD | 100 | 10 | 15 | 75 | 5 | | 12 | | 20 | | 38 | |
| 05 | KARANAVATI SCHOOL OF DENTISTRY, UVARSAD | UKD | 100 | 10 | 15 | 75 | 6 | | 11 | | 20 | | 38 | |
| 06 | DHARMSINH DESAI INSTITUTE OF DENTAL SCIENCES, NADIAD | ND | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 21 | | 38 | |
| 07 | NARSIHBHAI PATEL DENTAL COLLEGE, VISNAGAR | VD | 100 | 10 | 15 | 75 | 5 | | 12 | | 20 | | 38 | |
| 08 | COLLEGE OF DENTAL SCIENCE AND RESEARCH CENTRE, BOPAL-AHMEDA | BOPD | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 21 | | 38 | |
| 09 | A.M.C. DENTAL COLLEGE, AHMEDABAD | AMCD | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 20 | | 39 | |
| 10 | VAIDIK DENTAL COLLEGE AND RESEARCH CENTER , DAMAN | DAMD | 15 | 0 | 0 | 15 | 1 | | 2 | | 4 | | 8 | |
| 11 | COLLEGE OF DENTAL SCIENCE, BHAVNAGAR | AMRD | 100 | 10 | 15 | 75 | 6 | | 11 | | 20 | | 38 | |
| 12 | GOENKA RESEARCH INSTITUTE OF DENTAL SCIENCE., PIPLAJ | GD | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 20 | | 39 | |
| 13 | SIDDHPUR DENTAL COLLEGE. SOCIETY FOR GUJARAT DENTAL HEALTH E | SD | 100 | 10 | 15 | 75 | 5 | | 11 | | 20 | | 39 | |
| | | Total | 1155 | 124 | 141 | 890 | 62 | 0 | 133 | 1 | 238 | 2 | 452 | 2 |

IIM IIM JAMMU IIM NAGPUR IIM RAIPUR IIM RANCHI IIM SAMBALPUR IIM

INDIAN INSTITUTES OF MANAGEMENT (IIMs)

Ahmedabad, Amritsar, Bangalore, Bodh Gaya, Calcutta, Indore, Jammu, Kashipur, Kozhikode, Lucknow, Nagpur, Raipur, Ranchi, Rohtak, Sambalpur, Shillong, Sirmaur, Tiruchirappalli, Udaipur, Visakhapatnam

Common Admission Test

CAT 2017

The Indian Institutes of Management will conduct computer-based Common Admission Test 2017 (CAT 2017) on **26th November, 2017** in two sessions. Detailed information on CAT 2017 may be obtained from the CAT website.

**CAT website: www.iimcat.ac.in**

CAT 2017 is a pre-requisite for admission to various Post Graduate and Fellow programmes of IIMs. CAT 2017 Scores are allowed to be used by listed non-IIM member institutions. A list of such institutions is provided on CAT website. IIMs have no role in the selection process of non-IIM institutions.

CAT 2017 ELIGIBILITY

Please refer to the CAT 2017 Eligibility section of the CAT website. **Applicants should note that mere fulfillment of minimum eligibility criteria will not ensure consideration for shortlisting by IIMs.**

RESERVATIONS

Refer to the CAT website for information regarding reservation of seats for various categories of applicants. **No change in the category will be entertained after CAT registration; hence, the applicants are advised to give attention while registering.**

REGISTRATION FEES

₹ 900 for SC, ST and PwD category candidates.

₹ 1800 for all other categories of candidates.

Please note that a candidate needs to pay registration fees only once, irrespective of the number of institutes he/she is applying for. Fees once paid cannot be refunded under any circumstances.

IMPORTANT DATES

Registration opens: **9th August, 2017**
Registration closes: **20th September, 2017 (5:00 pm)**
Admit card download: **18th October to 26th November, 2017**
Test Date: **26th November, 2017**
Result declaration: **Second week of January, 2018 (Tentative)**

TEST CENTRES

CAT will be conducted in test centres spread across around 140 test cities. Candidates will be given option to select any four test cities in order of their preference.

DISCLAIMER

This advertisement is only intended to be an announcement for CAT 2017. For detailed information, rules and procedures regarding CAT and admission process of various IIMs, candidates should visit the CAT Website.

Any dispute concerning CAT 2017 would be subject to Jurisdiction of the competent Courts within the territorial jurisdiction of the City of Lucknow only.

IMPORTANT

**Candidates must declare and maintain a valid and unique email account and a mobile phone number throughout the selection process.**

## ફોરેન સ્ટડી માટે પ્લાનિંગ અત્યંત મહત્વનું ફેક્ટર

*(સાંધણ પાના નં.૭ નું)*

અભ્યાસ કરી શકે છે.

**અભ્યાસની સાથે જોબ મળી શકે:** એવું નથી કે ભારતમાં અભ્યાસની સાથે નોકરી ન મળી શકે. પરંતુ, ભારતમાં સામાજિક વાતાવરણ અને મિત્ર વર્તુળ વચ્ચે રહીને વ્યર્થમાં સમય બગાડતા યુવાનો જ્યારે વિદેશ જાય છે ત્યારે ત્યાં ફ્રેન્ડઝ સર્કલ એવું હોતું નથી કે ભારતની જેમ રોજેરોજ મળી શકે એટલે વ્યક્તિ પાસે સમય હોય ત્યારે તેણે ત્યાંના ખર્ચાને પહોંચી વળવા માટે પણ ભણવાની સાથે નોકરી કરવી જ પડે છે.

**રોજગારની વિપુલ તકો:** સમગ્ર વિશ્વમાં અમેરિકા, યુ.કે., ઓસ્ટ્રેલિયા, સિંગાપોર જેવા અનેક દેશો છે જ્યાંના એજ્યુકેશનની વેલ્યુ છે. વિદેશની યુનિવર્સિટીઓમાં લગભગ દરેક દેશોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે પરીણામે વિશ્વભરના દેશોના લોકો સાથે સંપર્ક થવા ઉપરાંત ધંધાદારી લોકો પણ સંપર્કમાં આવતા હોય છે અને ખાસ કરીને નોકરીદાતાઓ એ વાત સારી રીતે જાણતા હોય છે કે તેમને વિશ્વની કઈ યુનિવર્સિટીના અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓની જરૂરિયાત છે.

**અભ્યાસ પછી રોકાણની તક:** કેનેડા અને યુકે જેવા કેટલાક દેશોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસ કર્યા પછી ઉમેદવારને એક કે બે વર્ષ સુધી એ જ દેશમાં રહીને કામ કરવાની પરમિશન આપવામાં આવે છે. પરીણામે આ એક વર્ષમાં જે કંપનીમાં ઉમેદવાર કામ કરે છે મોટાભાગના કેસોમાં એ કંપની એ કર્મચારીઓને ચોક્કસ મુદત માટે વધારાની વર્કપરમિટ પણ આપે છે.ફોરેન સ્ટડી માટે પ્લાનિંગ અત્યંત મહત્વનું ફેક્ટર

# અગ્રવાલ વિદ્યાવિહાર કોલેજનો શાનદાર ઉદઘાટન સમારોહ






શહેરના વેસુ કેનાલ રોડ વિસ્તારમાં અગ્રવાલ સમાજ વિધાવિહાર ટ્રસ્ટ દ્વારા ચાલુ વર્ષથી શરૂ કરવામાં આવેલી દક્ષિણ ગુજરાતની સર્વપ્રથમ ઇંગ્લિશ મિડીયમ બી.એ. કોલેજનો ઉદઘાટન સમારોહ રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના અધ્યક્ષ સ્થાને અને આદિવાસી કલ્યા મંત્રી શ્રી વસાવાના અતિથિ વિશેષ પદે શાનદાર રીતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રમોદ ચૌધરીએ રૂ.૫.૧૧ લાખની રકમનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં સંસ્થા વતી આપ્યો હતો. દ્વિતિય તસ્વીરમાં કોલેજ કેમ્પસનું રિબન કાપીને ઉદઘાટન કરતા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા નજરે પડે છે.

# ચાલુ વર્ષે ગુજરાતમાં આર્કિટેક્ચરની કોલેજોની સંખ્યા ૩૧ની થઇ


| Sr.No. | Inst Code | NAME OF THE INSTITUTE | Type of Institute | Intake | All India /MQ / NRI Seats | Seats with ACPC | Out State (00) | | | | | Guj.Other Board (02) | | | | | Gujarat Board (01) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | OP | SC | ST | SEBC | DS | OP | SC | ST | SEBC | DS | OP | SC | ST | SEBC | DS |
| 1 | GJ01 | Department of Architecture, M. S. University (MSU),Vadodara-**GIA** | GIA | 38 | 0 | 38 | 2 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 16 | 2 | 5 | 9 | 0 |
| | GJ01 | F.Y.B.Sc | | 2 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 1 | 0 |
| 2 | GJ02 | Faculty of Architecture, CEPT University (CEPT),Ahmedabad-SFI | SFI | 80 | 40 | 40 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 18 | 2 | 5 | 10 | 1 |
| 3 | GJ03 | D.C.Patel School of Architecture (APIED)-VVNAGAR-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 0 | 1 | 2 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 25 | 4 | 7 | 13 | 1 |
| 4 | GJ04 | Sarvajanik college of Engineering & Technology (SCET),Surat-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 1 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 1 | 1 | 25 | 3 | 8 | 14 | 0 |
| 5 | GJ05 | Sardar Vallabhbhai Patel Institute of Technology (SVIT),Vasad-SFI | SFI | 40 | 10 | 30 | 2 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 12 | 2 | 4 | 7 | 0 |
| 6 | GJ06 | Indubhai Parekh School of Architecture (IPSA),Rajkot-SFI | SFI | 60 | 9 | 51 | 3 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 21 | 3 | 6 | 12 | 1 |
| 7 | GJ07 | School of Architecture,Vadodara Design Academy (VDA),Vadodara-SFI | SFI | 40 | 0 | 40 | 2 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 17 | 2 | 5 | 9 | 0 |
| 8 | GJ08 | Institute of Architecture, Hemchandracharya North Gujarat University(HNGU)-Patan-**GIA** | GIA | 20 | 0 | 20 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 9 | 1 | 2 | 5 | 0 |
| 9 | GJ09 | Shri GCPIA, Interior Design and Fine Arts, Veer Narmad South Gujarat University (GCPIA),Surat-SFI | SFI | 30 | 0 | 30 | 2 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 12 | 2 | 4 | 7 | 0 |
| 10 | GJ11 | School of Architecture (AIA), Anant National University, Ahmedabad-SFI | SFI | 80 | 12 | 68 | 3 | 1 | 1 | 2 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 29 | 4 | 8 | 15 | 1 |
| 11 | GJ12 | School of Environmental Design & Architecture (SEDA), Navrachna University , Vadodara-SFI | SFI | 40 | 10 | 30 | 1 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 13 | 2 | 4 | 6 | 0 |
| 12 | GI13 | Parul Institute of Architecture and Research (PIAR), Waghodia, Vadodara-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 0 | 1 | 2 | 0 | 2 | 0 | 0 | 1 | 0 | 25 | 4 | 8 | 14 | 0 |
| 13 | GJ14 | ITM School of Architecture Art and Design, Vadodara (ITM)-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 0 | 1 | 2 | 0 | 2 | 1 | 0 | 1 | 0 | 25 | 3 | 8 | 13 | 1 |
| 14 | GJ16 | Institute of Design, Environment & Architecture, Indus University (IDEA)-Ahmedabad-SFI | SFI | 40 | 10 | 30 | 2 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 12 | 2 | 4 | 6 | 1 |
| 15 | GJ17 | Bhagwan Mahavir College of Architecture , Surat (BMCA)-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 1 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 1 | 0 | 25 | 3 | 8 | 14 | 1 |
| 16 | GJ18 | L.J.School of Architecture, Ahmedabad (LJSA)-SFI | SFI | 20 | 3 | 17 | 1 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 7 | 1 | 2 | 4 | 0 |
| 17 | GJ19 | Raman Bhakta School of Architecture, Tarsadi ,Ta:Mahuva, Di-Surat (RBSA)-UKA Tarsadia Uni-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 0 | 1 | 2 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 25 | 4 | 7 | 14 | 0 |
| 18 | GJ20 | Institute of Architecture, Nirma University (NIRMA),Ahmedabad-SFI | SFI | 80 | 40 | 40 | 0 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 18 | 3 | 5 | 10 | 0 |
| 19 | GJ21 | Laxmi Institute of Architecture,Laxmi Vidhyapith,Sarigam,Di-Valsad-SFI | SFI | 30 | 7 | 23 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 10 | 1 | 3 | 6 | 0 |
| 20 | GJ22 | Kalol Institute of Architecture & Design,Kalol,Di-Gandhinagaar (KIAD)-SFI | SFI | 80 | 20 | 60 | 3 | 0 | 1 | 2 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 26 | 4 | 7 | 13 | 1 |
| 21 | GJ23 | Venus Institute of Design & Architecture,Swarnim Startup Uni., Gandhinagar (VIDA)-SFI | SFI | 40 | 10 | 30 | 1 | 0 | 0 | 1 | 1 | 1 | 1 | 0 | 0 | 0 | 13 | 1 | 4 | 7 | 0 |
| 22 | GJ24 | Sal School of Architecture, Ahmedabad (SAL)-SFI | SFI | 80 | 8 | 72 | 4 | 0 | 1 | 2 | 0 | 2 | 0 | 1 | 1 | 0 | 30 | 5 | 9 | 16 | 1 |
| 23 | GJ25 | Institute of Architecture,Ganpat University,Kherva,Di.Mehsana-SFI | SFI | 40 | 10 | 30 | 1 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 13 | 1 | 4 | 7 | 0 |
| 24 | GJ27 | Vidya mandir College of Architecture for Women,Vesu, Dist.-Surat -SFI **(WOMEN COLLEGE)** | SFI (Women) | 40 | 10 | 30 | 1 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 13 | 2 | 4 | 6 | 0 |
| 25 | GJ28 | Marwadi Education Foundation’s Group of Institution, Faculty of Architecture, Rajkot -SFI | SFI | 40 | 10 | 30 | 2 | 0 | 1 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 12 | 2 | 4 | 7 | 0 |
| 26 | GJ29 | Gokul College of Architecture & Design,Sidhpur,Di: Patan-SFI | SFI | 40 | 10 | 30 | 1 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 13 | 2 | 4 | 7 | 0 |
| 27 | GJ30 | Noble Architecture college, Junagadh-SFI | SFI | 40 | 0 | 40 | 2 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 17 | 2 | 5 | 9 | 1 |
| 28 | GJ31 | Mudra Taxashila Institute of design and Architecure,Sarsavani, Ta-Padra, Dist-Vadodara-SFI | SFI | 40 | 10 | 30 | 2 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 12 | 2 | 4 | 7 | 0 |
| 29 | GJ32 | Alpha Institute of Architecutre studies-Village Khatraj,Ta-Kalol,Di: Gandhinagar-SFI | SFI | 40 | 10 | 30 | 1 | 1 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 13 | 2 | 4 | 6 | 0 |
| 30 | GJ33 | Mahavirswami Institute of Architecture-Vesu,Surat-SFI(New) | SFI | 40 | 10 | 30 | 2 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 12 | 2 | 4 | 7 | 0 |
| 31 | GJ34 | P.P. Savani School of Architecure, Kosamba,Ta.Mangrol,Di.Surat.-SFI(NEW) | SFI | 40 | 0 | 40 | 2 | 0 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 17 | 2 | 5 | 9 | 1 |
| | | | TOTAL | 1640 | 369 | 1271 | 60 | 8 | 18 | 32 | 1 | 39 | 5 | 12 | 22 | 1 | 536 | 75 | 161 | 290 | 11 |

## સંસ્કારભારતી વિદ્યાલય આયોજિત સંકુલ સ્તરનો કલા ઉત્સવ રંગેચંગે સંપન્ન



રાંદેરરોડ તાડવાડી સ્થિત સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે તાજેતરમાં શાળા વિકાસ સંકુલ કક્ષાનો કલાઉત્સવ રંગે ચંગો સપન્ન થયો હતો. કલા ઉત્સવના ભાગરૂપે યોજાયેલી નૃત્ય સ્પર્ધામાં સંકુલની મોટા ભાગની શાળાઓએ ભાગ લીધો હતો. પ્રસ્તુત તસ્વીરમાં વિજેતા શાળાની ટીમ સાથે નિર્ણાયકો નજરે પડે છે.

## ગજેરા ઇન્ટરનેશનલમાં વિદ્યાર્થીઓએ મેથેમેટિક્સના પ્રેક્ટિકલ્સ બનાવ્યા



કતારગામ સ્થિત ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલમાં વિતેલા સપ્તાહ દરમિયાન યોજાયેલા એક મહત્વના કાર્યક્રમમાં પ્રાઇમરી વિભાગના વિદ્યાર્થીઓ ગણિતના પાઠને યોગ્ય રીતે શીખી શકે તે માટે મેથેમેટિક્સ પ્રેક્ટિકલ્સ કન્સેપ્ટ તૈયાર કરીને તેમનું નિદર્શન અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવ્યું હતું. આ રીતે ગણિત શીખવવાનો યુનિક કાર્યક્રમ યોજાયો હતો.

## જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ રક્ષા બંધન ઉજવણી કરી



ન્યુ સિટીલાઇટ ભરથાણા વિસ્તારમાં આવેલી જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલના પ્રી પ્રાઇમરી સેકશનમાં રક્ષા બંધન પૂર્વે શાળામાં વિદ્યાર્થીઓ માટે રક્ષાબંધન પર્વનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વનું મહાત્મ્ય સમજાવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ તેમના સહધ્યાયી વિદ્યાર્થીઓને રક્ષા બાંધીને ઉજવણી કરી હતી.

## દિપ વિદ્યાસંકુલ ડીંડોલીમાં જન્માષ્ટમી



ડિંડોલી ખાતે આવેલા દિપ વિદ્યાસંકુલમાં જન્માષ્ટમી પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મટકી ફોડ કાર્યક્રમ પણ માણ્યો હતો.

## 'નોલેજ' માટે કોઇ નથી ભણતું !!

**જયેશ બ્રહ્મભટ્ટ**

વિતેલા પખવાડીયે રાજ્યમાં બી.કોમ., બી.એસસી. વગેરે જેવા બીબાંઢાળ અભ્યાસક્રમોને બાદ કરતા જેમને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે એ એમ.બી.એ., એમ.સી.એ., બાયોટેકનોલોજી, ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી જેવા અભ્યાસક્રમોમાં હજારો બેઠકો ખાલી રહયાના સત્તાવાર આંકડા પ્રકાશિત થયા ત્યારે લખવાનું મન થયું હતું કે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં ખાલી પડી રહેલી બેઠકો માટે કોલેજોના ધંધાદારી સંચાલકો અને તેમના હલકટ હેતુઓથી પણ વધારે જો કોઇ જવાબદાર હોય તો તે માત્રને માત્ર વિદ્યાર્થીઓ અને તેમનો અભિગમ છે.

આજે વિદ્યાર્થીઓ શાળાકીય અભ્યાસક્રમો પૂર્ણ કરીને કોલેજમાં જાય છે, માત્રને માત્ર ડિગ્રી સર્ટિફિકેટ માટે. ૯૮ ટકા વિદ્યાર્થીઓ એવું જ માની રહયા છે કે ડિગ્રી સર્ટિફિકેટ હશે તો સારી નોકરી આસાનીથી મળી જશે. આવો અભિગમ ધરાવતા વિદ્યાર્થીઓને એવું કહેવાવાળા બહું ઓછા છે કે ડિગ્રી સર્ટિફિકેટથી નોકરી મળે એ જમાનો ૭-૮ વર્ષ પહેલા પૂરો થઇ ચૂક્યો છે. હવે નોલેજ (જ્ઞાન)નો જમાનો આવી ગયો છે. નોલેજ હશે અને ડિગ્રી સર્ટિફિકેટ નહીં હોય તેમ છતાં પણ મોટી કંપનીઓ, મલ્ટીનેશનલ કંપનીઓ, બેંકો સહિત સરકારી ડિપાર્ટમેન્ટ્સ રોજગારી આપે છે.

સીધી વાત છે કે ડિગ્રી સર્ટિફિકેટમાં રાચતા વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસકાળ દરમિયાન નોલેજ, કેળવણીનું ભાથું એકત્રિત કરવામાં સાવ વામણા પૂરવાર થાય છે. વિદ્યાર્થીઓ પોતાના પાઠ્ય પુસ્તક કે અભ્યાસક્રમથી ઉપર અગર તો બહારની દુનિયા સાથે તેને સરખાવતા પણ નથી. અરે વિદ્યાર્થીઓમાં પોતાના અભ્યાસને સમાંતર પ્રયોગ, સંશોધનાત્મક પ્રવૃત્તિ અગર તો કશું નવું, ઘરેડથી ઉપર નવતર કશું કરવાનો વિચાર સુદ્ધાં કરતા નથી. પરીણામે જ્યારે એમ.બી.એ., એમ.સી.એ., કે ઇજનેરી-ફાર્મસીની ડિગ્રી લઇને નોકરીનો ઇન્ટરવ્યુ આપવા જતા ઉમેદવારોનું જ્ઞાન ઇન્ટરવ્યુ દરમિયાન જ મપાય જાય ત્યારે તેમણે નોકરીથી વંચિત રહેવું પડે છે, અગર તો સારી ડિગ્રી હોવા છતાં ઓછા પગારની નોકરી મળે છે અને આવા પચાસ-સો વિદ્યાર્થીઓ નહીં, આખી કેડર માર્કેટમાં આવે છે અને આ કેડરને જ્યારે પોતે મેળવેલી ડિગ્રી (નોલેજ નહીં)ના આધારે નોકરી નથી મળતી ત્યારે તેઓ જે તે અભ્યાસક્રમનો અપપ્રચાર કરે છે, અને આવા અપપ્રચારને કારણે તેમની પાછળના વિદ્યાર્થીઓ એ કોર્સમાં જતા નથી અને સરવાળે કોલેજોમાં બેઠકો ખાલી પડી રહે છે.

વાલીઓ, શિક્ષકો, આચાર્યોએ વિદ્યાર્થીઓને શાળાકાળથી જ સમજાવવું જોઇએ કે ભણવાનું માત્ર સિદ્ધિઓ હાંસલ કરવા માટે નહીં પરંતુ, જ્ઞાન માટે જરૂરી છે. જ્ઞાન ત્યારે જ મેળવી શકાય કે જ્યારે વિદ્યાર્થીઓના મનમાં કશુંક નવું કરવાની, નવું જાણવાની જિજ્ઞાસા કાયમ પ્રજવળતી રહે. પોતાના અભ્યાસક્રમને સમાંતર નવું શીખતા રહેવું જોઇએ. નવું ક્યારે શીખી શકાય અગર તો પોતાનું અજ્ઞાન દૂર કરવાનો એક જ માર્ગ છે અને એ જે પ્રશ્ન પૂછવાનો. ઓલવેઝ ઓસ્કીંગ આસ્કીંગ એન્ડ આસ્કીંગ. પણ કમનસીબે આજનો વિદ્યાર્થી ક્લાસરૂમ પછી એ ટ્યુશનનો હોય કે સ્કૂલનો ક્લાસરૂમ હોય, ક્યાંય પ્રશ્ન જ પૂછતો નથી. મહિને હજારો રૂપિયાની ફી ભરીને સ્કૂલ, ટ્યૂશને જતો વિદ્યાર્થી પોતાનો પાયો કાચો રહી જાય તેની પરવાહ કરતો નથી પણ પરવાહ એ વાતની કરે છે કે હું જ્યારે પ્રશ્ન પૂછીશ અને આજુબાજુ બેઠેલા વિદ્યાર્થીઓ મારા પર હસસે, મારી ઠેકડી ઉડાડશે, બસ આ ભયથી વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછીને પોતાનું અજ્ઞાન દૂર કરવાની પદ્ધતિ જ મરી પરવારી છે.

## ઉમરા સ્થિત ઉન્નતી એકેડેમીના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું



ઉમરા વિસ્તારમાં આવેલી ઉન્નતી ઇંગ્લિશ એકેડેમીના વિદ્યાર્થીઓએ વિતેલા સપ્તાહ દરમિયાન પર્યાવરણ જાગૃતિ અન્વયે હાલ ચોમાસાની સિઝનને અનુલક્ષીને વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. વૃક્ષોનું પર્યાવરણમાં મહત્વ સમજાવીને સંસ્થાના મેનેજમેન્ટ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓ પાસે વૃક્ષોની રોપણી અને એ પછી તેના જતન અંગે જાણકારી આપી હતી.

## અગ્રવાલ વિદ્યા વિહાર સ્કુલમાં સ્ટુડન્ટ લિડર્સનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો

**શાળાના શિક્ષકો સાથે કર્નલની સમૂહ તસ્વીર**









વેસુ કેનાલ રોડ પર આવેલી અગ્રવાહ વિદ્યા વિહાર સ્કુલમાં વિતેલા સપ્તાહ દરમિયાન શાળાના ક્લાસ વાઇઝ એપોઇન્ટેડ લિડર્સ તેમજ સ્કુલ રિપ્રેઝેન્ટેટિવ્સનો શપથ ગ્રહણ સમારોહ શિસ્તબદ્ધ રીતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કર્નલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લિડરશીપ અંગે વિદ્યાર્થીઓને મહત્વની ટીપ્સ આપી હતી.

## એસ ડી જૈન સ્કુલના સ્ટુડન્ટ બેન્ડ એ જિલ્લા સ્તરની કોમ્પિટીશાન જીતી લીધી



વેસુ ખાતે આવેલી એસ.ડી. જૈન ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓના બનેલા બેન્ડ એ શહેરમાં યોજાયેલી જિલ્લા કક્ષાની સ્કુલ બેન્ડ પ્રતિયોગીતામાં પહેલો ક્રમ હાંસલ કરીને હવે પોતાની દાવેદારી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે નોંધાવી દીધી છે. એસ.ડી. જૈન સ્કુલના આ બેન્ડમાં ૨૧ સભ્યો ટીમ મેમ્બર તરીકે જોડાયેલા છે. સંસ્થાના નિયામક ડો.જૂનેજાએ તેમની સિદ્ધિને પ્રોત્સાહિત કરી છે.

## પીપી સવાણી-રેડિએન્ટના સ્પેલ-બી વિજેતાઓ



જહાંગીરાબાદ ખાતે આવેલી પીપી સવાણી તેમજ રેડિએન્ટ એકેડેમીના વિદ્યાર્થીઓ માટે યોજાયેલી સ્પેલબી અનોખી કોમ્પિટીશનમાં વિજેતાઓ સાથે નિર્ણાયકો

# સુરતની સ્કુલ સ્તરની સૌથી મોટી મહેંદી સ્પર્ધા શિક્ષણ સમિતિએ યોજી



સુરત શહેરમાં ૩૩૨ સ્કુલનું વિશાળ નેટવર્ક ચલાવતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ સુરત શહેરમાં શાળા કક્ષાની સૌથી મોટી મહેંદી સ્પર્ધાનું આયોજન તાજેતરમાં સફળતાપૂર્વક સંપન્ન કર્યુ હતું. પ્રસ્તુત તસ્વીરોમાં શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઇ પટેલ, સભ્ય શ્રી પરિમલ ચાસીયા તેમજ અન્ય મહાનુભાવોએ મહેંદી સ્પર્ધાની વિજેતા વિદ્યાર્થિનીઓને બિરદાવી હતી. શિક્ષણ સમિતિનાચેરમેન શ્રી હસમુખભાઇએ પોતાની હથેળીમાં પણ વિદ્યાર્થિની પાસે મહેંદી મૂકાવીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.



## વેસુ સ્થિત એલ.પી. સવાણી એકેડેમીમાં જન્માષ્ટમી પર્વે ખાસ સેલિબ્રેશન થયું



વેસુ કેનાલ રોડ પર આવેલી એલ.પી. સવાણી એકેડેમી ડે બોર્ડીંગ સ્કુલમાં વિતેલા સપ્તાહ દરમિયાન જન્માષ્ટમી પર્વને અનુલક્ષીને ખાસ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ કૃષ્ણજન્મોત્સવ સાથે સંકળાયેલા જુદા જુદા પાત્રોના વસ્ત્ર પરિધાન કરીને આવ્યા હતા. વિદ્યાર્થીઓએ કૃષ્ણ ભગવાનની જુદી જુદી ભૂમિકાઓનું પણ નિદર્શન કર્યુ હતું.

## ડી.પી.એસ. સુરતના વિદ્યાર્થીઓએ નુક્કડ કોમ્પિટીશન જીતી લીધી



હજીરા સ્થિત એસ્સાર ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા આયોજિત સ્કુલ કક્ષાની નુક્કડ કોમ્પિટીશનમાં શહેરના ડુમસ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કુલની ટીમ પહેલા ક્રમે વિજેતા નિવડી હતી. રંગભેદનો ભોગ બનતા લોકો પર આધારિત દિલ્હી પબ્લિક સ્કુલના વિદ્યાર્થીઓનું નુક્કડ પહેલા ક્રમે વિજેતા નિવડતા સંસ્થાના મેનેજમેન્ટે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## વિશ્વભારતી ગર્લ્સ સ્કુલમાં ડ્રોઇંગ કોમ્પિટીશનની વિજેતા વિદ્યાર્થિનીઓ




કામરેજ નજીક આવેલી વિશ્વભારતી ગર્લ્સ સ્કુલમાં વિતેલા સપ્તાહે યોજાયેલી જુદી જુદી કોમ્પિટીન પૈકી ડ્રોઇંગ કોમ્પિટીશનના વિજેતા વિદ્યાર્થિનીઓની સમૂહ તસ્વીર દ્રશ્યમાન છે.

## ફોરેન સ્ટડી માટે પ્લાનિંગ અત્યંત મહત્વનું ફેક્ટર

વિદેશ ભણવા જવાની બાબત જાણે ફેશન થઈ ગઈ હોય તેમ આજના યુવાનોને ઘેલું લાગ્યું છે. હવે એવો સમય નથી કે ફોરેન ભણવા જવાથી અને ત્યાં સ્થાયી થવાથી લાખો રૂપિયા અને આરામદાયક જીંદગી જીવી શકાય છે. હકીકતમાં એ દિવસો પૂરા થઈ ગયા છે. ૭૦, ૮૦ અને ૯૦ના દાયકામાં એ વાત ચોક્કસ જોવાતી હતી કે સામાન્ય ક્વોલિફીકેશન અને કેટલીક ચોક્કસ સ્કીલ્સ ધરાવતા લોકો ફોરેન ગયા અને ત્યાં મોટા પગારની નોકરી મળી ગઈ અને સાત પેઢી ખાઈ શકે તેટલું ભેગું કરી લીધું, પરંતુ, હવે જમાનો બદલાયો છે એટલે દરેક જગ્યાએ પરિવર્તન આવ્યું છે. ફોરેનની કંપનીઓ કે નોકરીદાતાઓ હવે પહેલાની જેમ ઉંચો પગાર નથી આપતા કેમકે તેમને ભારત જ નહીં ભારત કરતા ગરીબ હોય તેવા દુનિયાભરના દેશોમાંથી મોટી સંખ્યામાં કામદારો સસ્તા પગારે અને ઓછી સુવિધા સાથે મળી રહે છે. આમ, હવે ફોરેન અભ્યાસ માટે જવું હોય તો ચોક્કસ પ્રકારના ધ્યેય અને હેતું હોવા જરૂરી છે

**પ્રવેશ કાર્યવાહીનો સમયગાળો:** વિદેશોની યુનિવર્સિટીઓમાં એકેડેમિક સેસન્સ એટલે કે સત્રની શરૂઆત બહુ ફ્લેક્સીબલ હોય છે. એટલે કે વર્ષમાં બે વખત પ્રવેશ મળી શકે છે. ભારતમાં એક જ સેસન્સમાં અને ઘણુંખરું જૂન કે જુલાઈમાં તમામ પ્રવેશ પ્રક્રિયા પૂરી થઈ જાય છે. જ્યારે ઓસ્ટ્રેલિયામાં જુલાઈ અને ફેબ્રુઆરી એમ બે વખત પ્રવેશ કાર્યવાહી હાથ ધરાય છે. બ્રિટનની મોટાભાગની યુનિવર્સિટીઓમાં સપ્ટેમ્બર અને ફેબ્રુઆરીમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય છે. તેવી જ રીતે અમેરિકામાં જાન્યુઆરી અને સપ્ટેમ્બર એમ વર્ષમાં બે વખત પ્રવેશ કાર્યવાહી થાય છે. આમ, એકેડેમિક સેસન્સને ધ્યાનમાં લેવા અગત્યના છે.

**નાના વર્ગો અને વ્યક્તિગત ધ્યાન:** વિદેશોની કોલેજોમાં એ વાત ચોક્કસ છે કે એક વર્ગમાં વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળે છે પરિણામે અધ્યાપક દરેક પર વ્યક્તિગત ધ્યાન આપે છે જે ઘનિષ્ઠ અભ્યાસની તક પૂરી પાડે છે. ભારતમાં એક વર્ગમાં ઓછામાં ઓછા ૧૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓને ભરવામાં આવે છે. તેવી જ રીતે સહ અભ્યાસની પ્રવૃતિઓ પણ સારી રીતે કરી શકાય છે અને વિદ્યાર્થીઓ આનંદથી

(અનુસંધાન પાના નં.૪ પર)

## દક્ષિણ ગુજરાતની પહેલી ઇંગ્લિશ મિડીયમ આર્ટસ કોલેજના શુભારંભ





સુરતમાં અગ્રવાલ સમાજ વિદ્યા વિહાર ટ્રસ્ટે દક્ષિણ ગુજરાતની સૌપ્રથમ ઇંગ્લિશ મિડીયમ આર્ટસ કોલેજની સ્થાપના કરી છે. વિતેલા પખવાડિયે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના હસ્તે કોલેજનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજ ઉભી કરવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર શ્રી દિનુભાઇ નાયક તેમજ ડો.યુ.ટી. દેસાઇનું બહુમાન કરાયું હતું.

## અમરોલી કોલેજમાં ઇન્ટર કોલેજ મહેંદી કોમ્પિટીશન સફળતાપૂર્વક સંપન્ન



અમરોલી કોલેજ દ્વારા આયોજિત ઇન્ટર કોલેજ મહેંદી કોમ્પિટીશનના નિર્ણાયકને સન્માનિત કરતા કોલેજના આચાર્ય ડો. કે.એન. ચાવડા તથા પ્રો.રાજેશ રાણા.

## વિવેકાનંદ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી વિષયે સેમિનાર



જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી વિવેકાનંદ કોલેજમાં વિદ્યાર્થીઓને આઇ.એ.એસ. તેમજ આઇ.પી.એસ. તથા જી.પી.એસ.સી.ની વિવિધ પરીક્ષાઓની તૈયારી કેવી રીતે થાય તે અંગેનું માર્ગદર્શન આપવા માટે ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સ્થાનિક રોજગાર કચેરીના બિપિનભાઇ માંગુકિયાએ મહત્વની માહિતી અને ટીપ્સ આપી હતી.

email : shikshansarvada@gmail.com

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE


# શિક્ષણ સર્વદા

# ૧૬ થી ૩૧ ઓગસ્ટ ૨૦૧૭

its all about EDUCATION

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

## હજીરા સ્થિત એસ્સાર ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે સ્ટુડન્ટસ લિડર્સનો શપથ ગ્રહણ સમારોહ





**હજીરા ખાતે એસ્સાર ટાઉનશીપમાં આવેલી એસ્સાર ઇન્ટરનેશનલ સ્કુલમાં તાજેતરમાં સ્ટડન્ટ્સ લિડરશીપ વિષય પર બે રસપ્રદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની સમૂહ તસ્વીરો અત્રે પ્રગટ કરવામાં આવી છે. ફોટો લાઇનની ઉપર આવેલી વિશાળ તસ્વીર સ્કુલના ક્લાસ રિપ્રેઝેન્ટેટિવ્સ તેમજ સ્કુલના લિડર્સની છે. આ તમામ વિદ્યાર્થીઓને તેમના હોદ્દા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેમજ તેમના હોદ્દાની ગરીમા અંગેની ખાસ જાણકારી તેમજ મહત્વતાને જાણી હતી. ઇન્સેટ તસ્વીરમાં સ્કુલના હાઇસ્કુલના વિદ્યાર્થીઓ માટે ખાસ લિડરશીપ ટ્રેનિંગ કેમ્પનું આયોજ કરવામાં આવ્યું હતું, તેમાં સમાવિષ્ટ થયેલા વિદ્યાર્થીઓની છે. વિદ્યાર્થીઓને ઇફેક્ટીવ લિડરશીપ અંગે વિશેષ જાણકારી આપવામાં આવી હતી.**

# હવે પ્રાથમિક સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા રાખવા કવાયત

રાજયની પ્રાથમિક સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા રાખવામાં આવે તે માટે ફરી એકવાર રજૂઆતો શરૂ થઈ છે. અગાઉ બોર્ડના સભ્યએ કારોબારી સમિતિની બેઠકમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા રાખવા અંગે દરખાસ્ત કરી હતી. પરંતુ બોર્ડની સામાન્ય સભામાં તે અંગે નિર્ણય લેવાયો ન હતો. હવે, રાજયની પ્રાથમિક સ્કૂલોમાં રજા રાખવા અંગે પ્રાથમિક શિક્ષક સંઘના જિલ્લાના એકમો દ્વારા રજૂઆત થઈ રહી છે.

આ મુદ્દે રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સરકારમાં રજૂઆત કરાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જેના પગલે બીજા અને ચોથા શનિવારની રજા અંગે ફરીવાર કવાયત શરૂ થઇ હોવાનું જાણવા મળ્યું છે. રાજયની સ્કૂલોમાં હાલમાં સોમવારથી શુક્રવાર રેગ્યુલર સ્કૂલ ચાલે છે જયારે શનિવારે અડધો દિવસનું શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે. તેના બદલે રાજયની સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા જાહેર કરવામાં આવે અને પહેલા અને ત્રીજા શનિવારે ફુલ ડે સ્કૂલ ચલાવવામાં આવે તે માટે રજૂઆતો શરૂ થઈ છે. રાજયની પ્રાથમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓના હિતમાં સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે તે માટે પ્રાથમિક શિક્ષક સંઘના જિલ્લાના એકમો દ્વારા રજૂઆતો શરૂ થઈ છે. જિલ્લાના એકમોએ પ્રાથમિક શિક્ષક સંઘને લેખિતમાં રજૂઆત કરી છે અને સરકારમાં આ અંગે રજૂઆત કરવા માટે જણાવ્યું છે. જેના પગલે પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પણ આ મુદ્દે સરકારમાં રજૂઆત કરવામાં આવનાર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. બીજા અને ચોથા શનિવારની રજા અંગે મળી રહેલી રજૂઆતોમાં જણાવાયું હતું કે, શનિવારે અડધા દિવસનું કાર્ય થતું હોવાથી હાજરી ઓછી રહે છે. જેથી પહેલા અને ત્રીજા શનિવારે આખા દિવસનું શિક્ષણ કરાવાય અને બીજા તથા ચોથા શનિવારે રજા રાખવામાં આવે તો સ્કૂલોના લાઈટ બિલ સહિતના ખર્ચમાં બચત થશે અને વિદ્યાર્થીઓને પણ વાલીઓ સાથે વધુ સમય પસાર કરવા મળશે.

આ નિર્ણય લેવાય તો શિક્ષણના કલાકો પર અસર પડતી ન હોવાથી બીજા અને ચોથા શનિવારે રજા રાખવા રજૂઆત કરાઈ હતી. ઉપરાંત સરકારી કર્મચારીઓના બાળકો પણ સ્કૂલોમાં અભ્યાસ કરતા હોવાથી બીજા અને ચોથા શનિવારે રજા રાખવામાં આવે તો બાળકો બે દિવસ સુધી માતાપિતા સાથે સમય ગાળી શકશે. અત્રે નોંધનીય છે કે, ગતવર્ષે ઓગસ્ટમાં મળેલી બોર્ડની સામાન્ય સભામાં પણ આ મુદ્દો ઉછળ્યો હતો. બોર્ડના સભ્ય પ્રિયવદન કોરાટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજા રાખવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવ બોર્ડની સામાન્ય સભામાં મુકાયો હતો. પરંતુ તેની પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. ત્યાર બાદ સંકલન સમિતિએ પણ સરકારમાં રજૂઆત કરી બીજા અને ચોથા શનિવારે સ્કૂલોમાં રજા રાખવામાં આવે તેવી માંગણી કરી હતી. પરંતુ ત્યારે પણ કોઈ નિર્ણય લેવાયો ન હતો. જોકે, હવે પ્રાથમિક શિક્ષકો મેદાને પડ્યા છે અને બીજા અને ચોથા શનિવારે રજા રાખવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

**રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ મુદ્દે સરકારમાં રજૂઆત કરવામાં આવશેઅગાઉ માધ્યમિકઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં રજા રાખવા દરખાસ્ત કરાઈ હતી**

# પેરા મેડિકલ કોલેજોમાં છડેચોક રૂપિયા ઉઘરાવાયા, સરકાર કશું કરી ન શકી

મેડિકલડેન્ટલની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે સરકાર દ્વારા મેનેજમેન્ટ કવોટા અને એનઆરઆઇ કવોટા સહિતની બેઠકો કોમન કાઉન્સેલિંગથી ભરવાનું શરૂ કર્યુ છે. સરકારના આ નિર્ણયના કારણે હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓના કરોડો રૂપિયા અને સમય બચી રહ્યો છે. બીજીબાજુ પેરા મેડિકલ કોલેજના સંચાલકોએ સરકારના નિર્ણયની ઉપરવટ જઇને કોઇપણ ભોગે મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવા માટે કોર્ટને આશરો લીધો છે. સંચાલકોની કોર્ટમાં જીત થતાં હવે જે મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેના ફોર્મ પ્રવેશ સમિતિ દ્વારા માત્ર ૨૦૦ રૂપિયામાં વેચવામાં આવતાં હતા તે ફોર્મ હવે વિદ્યાર્થીઓ પાસેથી ૫ હજાર રૂપિયાથી લઇને ૧૦ હજાર રૂપિયા સુધીની કિંમતમાં વેચવામાં આવશે. આમ, સરકાર પાસેથી કોલેજોની મંજૂરી મેળવીને ફરી એકવાર સંચાલકો દ્વારા કોર્ટનો આશરો લઇને વિદ્યાર્થીવાલીઓને લૂંટવાનું શરૂ કરવામાં આવી રહ્યું છે.

સૂત્રો કહે છે સરકાર સામે કરેલી રિટમાં તાજેતરમાં કોર્ટ દ્વારા મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાની સત્તા સ્વનિર્ભર કોલેજ સંચાલકોને સોંપી દેવાનો આદેશ કર્યો છે. જેના પગલે સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ આગામી દિવસોમાં મેનેજમેન્ટ કવોટની બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાનું નક્કી કર્યુ છે. સૂત્રો કહે છે જે મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે પ્રવેશ સમિતિ દ્વારા માત્ર ૨૦૦ રૂપિયા ફોર્મ ફી લેવામાં આવી છે તેમજ મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે હવે સંચાલકો ૫ હજાર રૂપિયાથી લઇને ૧૦ હજાર રૂપિયા સુધીની ફી લેશે. માત્ર હોમિયોપથી અને નર્સિગ જ નહીં પરંતુ આયુર્વેદ અને હોમિયોપથીની સ્વનિર્ભર કોલેજોની મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે પણ આટલી તોતિંગ ફી લેવામાં આવશે. આમ, સરકારે જે ઉદ્દેશ્યથી મેનેજમેન્ટ કવોટાની બેઠકો પોતે ભરવાનું નક્કી કર્યુ હતુ તે હેતુ પર સંચાલકોએ હાલ તો પાણી ફેરવી દીધુ છે. આશ્ચર્યની વાત એ કે પ્રવેશ સમિતિ દ્વારા હાલમાં પેરા મેડિકલ કોલેજની મેનેજમેન્ટ કવોટાની બેઠકમાં મોકરાઉન્ડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પણ ફાળવી આપ્યો છે. હવે વિદ્યાર્થીઓએ નવેસરથી ૧૦ હજાર રૂપિયા ખર્ચીને ફોર્મ ભરવા પડશે.

સ્વનિર્ભર મેડિકલડેન્ટલ કોલેજોની મેનેજમેન્ટ કવોટા અને એનઆરઆઇ કવોટાની બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવી છે. પરંતુ પેરા મેડિકલ કોલેજના સંચાલકોએ સરકારના નિર્ણયની ઉપરવટ જઇને કોર્ટમાં રિટ કરી છે. સૂત્રો કહે છે જે સંચાલકો ફિઝિયોથેરાપી, નર્સિંગ અને હોમિપોયથી, આયુર્વેદની મેનેજમેન્ટ કવોટાના મુદ્દે કોર્ટમાં ગયા છે. તેમાં અમદાવાદની એક કોલેજના સંચાલક ઉપરાંત વિવાદાસ્પદ પારૂલ યુનિવર્સિટીના સંચાલકોનો સમાવેશ થાય છે. મેનેજમેન્ટ કવોટા અંગેના હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે ! પેરા મેડિકલ કોલેજના સંચાલકોએ હાઈકોર્ટના માધ્યમથી મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાની સત્તા મેળવી લીધી છે. જેથી માત્ર ફોર્મ ફી માંથી જ કરોડો રૂપિયા ઉઘરાવી લેવાની તૈયારીઓ શરૂ કરી છે.

બીજીબાજુ સરકાર દ્વારા પણ હવે પેરા મેડિકલ કોલેજોની મેનેજમેન્ટ કવોટાની બેઠકોના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં રિટ કરવાની તૈયારી શરૂ કરાઇ છે. સૂત્રો કહે છે ડીમ્ડ યુનિવર્સિટીઓને ભારત સરકારે સ્વતંત્રતા આપી છે. પરંતુ ડીમ્ડ યુનિવર્સિટીઓમાં મોટાપાયે ગેરરીતિઓ ચાલતી હોવાની વિગતો બહાર આવતાં તાજેતરમાં યુજીસી દ્વારા તમામ ડીમ્ડ યુનિવર્સિટીઓની બેઠકો ભરવાની સત્તા સરકારને સોંપી દેવાઇ છે. આજ રીતે સ્વનિર્ભર પેરા મેડિકલ કોલેજોને મેનેજમેન્ટ કવોટા ભરવાની સત્તા છે પરંતુ તેઓ તેનો દૂરોપયોગ કરીને વાલીઓ પાસેથી કરોડો રૂપિયા પડાવે છે. જેથી સરકારે હવે હાઇકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં રિટ કરવાની તૈયારીઓ શરૂ કરી છે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હાલમાં ૫૫ જેટલી સ્વનિર્ભર ફિઝિયોથેરાપી અને ૩૦થી વધુ નર્સિંગ કોલેજોની મંજૂરી સરકાર પાસેથી લેવાની બાકી છે. આ ઉપરાંત હોમિયોપથી અને આયુર્વેદની કોલેજો ભારત સરકાર પાસેથી લેવાની બાકી છે. આમછતાં સંચાલકોએ સરકારની સામે હાઇકોર્ટમાં જવાની હિંમત કરી છે. સરકાર પાસેથી જ સ્વનિર્ભર કોલેજની મંજૂરી લઇને હવે મેનેજમેન્ટ કવોટાના નામે વિદ્યાર્થીઓવાલીઓની લૂંટ કરવામાં આવશે. એટલે કે સરકાર દ્વારા પરોક્ષ રીતે વાલીઓને લૂંટવાની મંજૂરી અપાતી હોય તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

SHIKSHAN SARVADA : Year : 10, Issue: 259-, Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.